

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

અય મારા રબ! મારું ઈલ્મ વધાર,
અને મને સમજદારીની રોજી અતા કર.



સરપરસ્ત

મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

جعفری آواز
જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

Vol.-13, Issue-12, November-2026

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૩૯

સંપાદક મંડળ

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (કેસીમ્પા)
મૌલવી સાદિકઅલી નાંદોલીયા (ડીંડરોલ)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણુશીયા–૮૪૬૦૪૯૨૪૨૯

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❋ email : jafariaawaz@gmail.com

Title Calligraphy: http://www.asr-entezar.ir

લેખાનુક્રમ

- **ઉઘડતે પાને**
  હિદાયત: હઝરત અશ્મૂઈલ (અ.) અને..... 3
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
- **તંત્રી લેખ**
  આશૂરની રાત..... 7
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા
- **કુરઆન અને હદીસ**
  કુરઆન શિક્ષણ..... 9
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
  ગુરરુલ હિકમ..... 11
  -જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી
  નહ્જુલ અસરાર..... 15
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા
- **તરીકત**
  મશાયખવાણી 21
  -હઝરત પીર મશાયખ (રહ.)
- **અદબિયાત**
  મીર અનીસના મરસિયા..... 25
- **તારીખ અને ભૂગોળ**
  સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.) 29
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી
  અલ ઈર્શાદ..... 35
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી
  અખ્લાક
- **મિરબાહુશશરીઆ**..... 41
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
  હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)
  તહ્ઝીબુલ ઈસ્લામ..... 43
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
  આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન..... 49
  -મોમિન સખાવતઅલી સુણસરા
- **દુઆ અને મુનાજાત**
  ઈબાદાત 54
- **અન્ય**
  વ્યકિત વિશેષ – હઝરત જાફરે તૈયાર (અ.)ના ફરઝંદો. 55
  -મૌલવી મોહંમદઅલી ભગત
  આપણા ઘરની વાતો..... 61
  'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન..... 63

હિદાયત:

હઝરત અશ્મૂઈલ (અ.) અને હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُبِاللّٰہِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ وَالصَّلَاۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیْنَ

હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

(ગતાંકનું ચાલુ)

حضرت داوود علیہ السلام کی آزمائش

حضرت داوود علیہ السلام نے دوسرے فریق کی بات سنے بغیر شکایت کرنے والے سے کہا:

એટલે નવ્વાણું ઘેટાંઓ જેની પાસે હતાં, તેની વાત સાંભળ્યા વગર જે એક (ઘેટા)વાળો હતો, તેનાથી કહેવા લાગ્યા હઝરત દાવૂદ (અ.):

"اپنی بھیڑوں میں تیری بھیڑ کا اضافہ کرنے کے لئے اس نے تقاضا کر کے ظلم روا رکھا ہے۔"

(સૂરા સાદ, આયત–૨૪)

એટલે તેનાં ઘેટાંઓમાં તારો પણ ઘેટો મેળવી દે, અને આવી રીતે તને મહેરૂમ કરી નાખે. આવી રીતે તો તેણે તારા ઉપર ઝુલ્મ કર્યો છે.

بہر حال یوں لگتا ہے کہ طرفین یہ بات سن کر مطمئن ہو گئے

એટલે બન્ને આ વાત સાંભળીને સંતોષ પામી ગયા.

اور حضرت داوود علیہ السلام کے یہاں سے چلے گئے۔ لیکن داوود علیہ السلام سوچ میں پڑ گئے۔

બન્ને તો સંતોષ પામી ગયા. પરંતુ દાવૂદ (અ.) વિચારમાં પડી ગયા કે મેં તો એકની જ વાત સાંભળી છે.

انھوں نے فیصلہ تو عدل کی بنیاد پر کیا تھا کیونکہ اگر فریق ثانی کو مدعی کا دعوٰی قبول نہ ہوتا تو یقیناً وہ اعتراض کرتا ہے۔

એટલે બીજા પક્ષને તેમનો ફેંસલો કબૂલ ન હોત તો તે વાંધો ઉઠાવતો, પરંતુ કોઈએ વાંધો ઉઠાવ્યો નહીં એટલે તેમનો ફેંસલો તો બરાબર જ હતો. પરંતુ તેઓ બહુ હસ્સાસ ફેંસલા કરનારા હતા, એટલે તેઓ વિચારમાં પડી ગયા કે મેં તો બીજા પક્ષની વાત સાંભળી જ નથી.

اس کا سکوت اس امر کے لئے بہترین دلیل تھا کہ معاملہ وہی ہے جو شکایت کرنے والے نے پیش کیا ہے لیکن ان سب امور کے باوجود عدالتی اقدار کا تقاضا تھا کہ داوود علیہ السلام اپنی بات میں جلدی نہ کرتے بلکہ فریق ثانی سے بھی شخصًا سوال کرتے اور پھر فیصلہ سناتے۔

داوود علیہ السلام کو پیش آمدہ واقعے کی حقیقت

હવે જે પ્રસંગ દાવૂદ (અ.) સામે થયો, તેની હકીકત શું છે?

قرآن مجید سے جو کچھ معلوم ہوتا وہ اس سے زیادہ نہیں کہ کچھ افراد داد خواہی کے لئے حضرت داوود علیہ السلام کی محراب سے اوپر چڑھ کر آپؑ کی خدمت میں پہنچے۔

એટલે કુરઆન શરીફ આટલી સ્પષ્ટતા કરે છે કે કેટલાક લોકો – બે લોકો હોય અથવા કેટલાક લોકો – મહેરાબની દીવાલ ફાંદીને હઝરત દાવૂદ (અ.)ની સામે પહોંચી ગયા.

پہلے تو آپؑ گھبرا گئے۔ پھر شکایت کرنے والے کی بات سنی۔ ان میں سے ایک کے پاس ننانوے بھیڑیں تھیں، دوسرے کے پاس صرف ایک بھیڑ تھی، ننانوے بھیڑوں والا اپنے بھائی پر زور دے رہا تھا کہ وہ ایک بھیڑ بھی اسے دیدے۔ آپؑ نے شکایت کرنے والے کو سچّا قرار دیا اور دوسرے کے اصرار کو ظلم قرار دیا۔ پھر اپنے کام پر پشیمان ہوئے اور اللہ سے معافی کا تقاضا کیا۔ خدا نے آپؑ کو بخش دیا۔

આ આખો પ્રસંગ છે.

یہاں دو تعبیر زیادہ غور طلب ہیں۔ ایک آزمائش اور دوسری استغفار اور توبہ۔

બે વસ્તુ અહીં ધ્યાન આપવા લાયક છે. પહેલી તો આઝમાઈશ. અલ્લાહે આઝમાઈશ કરી તેમની એ બે લોકો વડે અને બીજું હઝરત દાવૂદ (અ.)એ જે ઈસ્તિગ્ફાર અને તોબા કરી તે.

એટલે દાવૂદ (અ.) જાણતા હતા કે તેમણે જો ઈન્સાફ કરવો હતો તો બન્ને પક્ષની વાત સાંભળવી જરૂરી હતી.

لہٰذا اس کام پر وہ خود پشیمان ہوئے، اور داوودؑ نے گمان کیا کہ اس واقعے کے ذریعے، ہم نے اس کا امتحان لیا ہے۔

એટલે તેઓ શરમિંદા થઈ ગયા, અને તેમણે એવું વિચાર્યું કે જાણે અલ્લાહે આ પ્રસંગ વડે તેમને અજમાવ્યા હોય.

"اس نے استغفار کی، اپنے رب سے طلبِ بخشش کی، سجدے میں گر گیا اور توبہ کی۔"

(سورا صاد، آیت–۲۴)

એટલે અલ્લાહની મગ્ફેરત માગી દાવૂદ (અ.) એ, બખ્શિશ માગી, સજ્દામાં પડી ગયા અને તૌબા કરી.

بہر حال اللہ نے ان پر اپنا لطف و کرم کیا اور اس ترکِ اولیٰ میں ان کی لغزش کو معاف کر دیا۔ جیسا کہ بعد کی ابحاث میں قرآن کہتا ہے:

એટલે કુરઆન આગળ વર્ણન કરે છે તેમ અલ્લાહે તેમની તોબા કબૂલ કરી લીધી.

"ہم نے اس کے عمل کو بخش دیا، اور وہ ہمارے نزدیک عالی مقام اور نیک مستقبل کا حامل ہے۔"

(سورا صاد، آیت–۲۵)

એટલે અલ્લાહ કહે છે કે, "અમે તેમની તોબા કબૂલ કરી લીધી, અને તે અમારા નજીક બુલંદ મર્તબાવાળો છે, અને તેમનું ભવિષ્ય સારું છે."

اس سلسلے میں قرآن نے کسی واضح امر کی نشاندہی نہیں کی۔ لیکن قرآن میں غور و فکر اور ان آیات کی تفسیر کے سلسلے میں منقول روایات میں موجود قرائن سے معلوم ہوتا ہے کہ حضرت داوود علیہ السلام قضاوت میں بہت زیادہ علم و مہارت رکھتے تھے

'કઝાવત' એટલે judgement – ન્યાય આપવો. કઝાવતમાં જ્ઞાની હતા. ન્યાય આપવામાં જ્ઞાની હતા અને બુદ્ધિશાળી હતા.

اور اللہ تعالیٰ چاہتا تھا کہ آپؑ کو آزمائے

એટલે અલ્લાહે અજમાવવાનો નિર્ણય કર્યો.

لہٰذا آپؑ کو ایسے غیر معمولی حالات پیش آئے۔

એટલે અલ્લાહની આઝમાઈશ હતી આ, કે હજાર માણસની નજર ચૂકી જાય અને બે લોકો દીવાલ ફાંદીને સામે આવી જાય, અને આવી રીતે ફેંસલો થાય.

(مثلاً ان آدمیوں کا عام راستے سے ہٹ کر محراب کے اوپر سے آپؑ کے پاس آ پہنچنا)

ઘણી અસંભવ વાત છે ને, કે હજાર લોકોથી છૂપીને મહેરાબના ઉપરથી સામે આવી જાય.

آپؑ نے جلد بازی کی اور اس سے پہلے کہ فریق ثانی سے وضاحت طلب کرتے آپؑ نے فیصلہ سنا دیا اگرچہ فیصلہ عادلانہ تھا۔

ફેંસલો તો સાચો હતો, પરંતુ બીજાની વાત સાંભળી નહીં તે તર્કે ઔલા થયું. નબીઓથી કદીએ ગુનાહ થતા નથી. ભૂલ થતી નથી. જે થાય છે તે તર્કે ઔલા થાય છે. તર્કે ઔલા. ઔલા એટલે ઊંચી, ઉચ્ચકક્ષાની. તર્ક એટલે છોડી દેવું. કોઈ રસ્તે આપણે જઈએ તો ફાંટા પડે. બે રસ્તા પડે. બન્ને રસ્તા પર જવું જાઈઝ ગણાય, પરંતુ એક રસ્તો વધારે સારો હોય, બીજો રસ્તો એનાથી નીચા દરજ્જાનો હોય. તો વધારે સારો રસ્તો જે હોય તેને ઔલા કહેવાય. આ ઔલાને છોડીને જે ઓછા દરજ્જાનો રસ્તો હોય તેના ઉપર ચાલી જાય તો તેને તર્કે ઔલા કહેવાય. આપણાથી તર્કે ઔલા નથી થતા. આપણાથી ગુનાહ થાય છે. આપણે તો બિલકુલ નક્કર ગુનાહ જ કરીએ છીએ. પયગમ્બરો જ્યારે તર્કે ઔલા કરે છે એટલે સર્વોચ્ચ રસ્તાને છોડીને તેના કરતાં ઊતરતા રસ્તા ઉપર ચાલ્યા જાય છે ત્યારે અલ્લાહ તેમને એવી સજા કરે છે કે, આપણે જ્યારે ગુનાહ કરીએ ત્યારે અલ્લાહ જેવી સજા કરે એવી જ સજા અલ્લાહ પયગમ્બરોને ફક્ત તર્કે ઔલા કરવા માટે કરે છે, કારણ કે એમની જવાબદારી એટલી વધારે હોય એટલા માટે.

اگرچہ آپؑ بہت جلد اپنی اس لغزش کی طرف متوجہ ہو گئے اور وقت گزرنے سے پہلے اس کی تلافی کی۔

એટલે ફેંસલો આપી દીધો. એ લોકો સંતોષ પામીને ચાલ્યા ગયા કે તરત જ તેમને અહેસાસ થયો, અને તેમણે પશ્ચાતાપ કર્યો.

لیکن بہر حال جو کام آپؑ سے سرزد ہوا تھا وہ نبوت کے مقامِ بلند کے شایانِ شان نہ تھا۔

નબુવ્વત જેનાથી શોભે તેવું કાર્ય ન હતું.

اس لئے آپؑ نے ترکِ اولیٰ پر استغفار کی اور اللہ نے بھی انہیں عفو و بخشش سے نوازا۔

અલ્લાહે માફ કરી દીધા.

مذکورہ تفسیر کی شاہد وہ قرآنی اشارہ ہے جو اٰیت زیر بحث قرآنی گفتگو کے فوراً بعد آئی ہے۔ اس میں حضرت داوود علیہ السلام سے خطاب کرتے ہوئے فرمایا گیا ہے:

અલ્લાહ કુરઆન શરીફની આયતમાં દાવૂદ (અ.)ને ઉદ્દેશીને ફરમાવે છે.

"ہم نے تجھے زمین پر اپنا خلیفہ قرار دیا ہے، لہٰذا لوگوں کے درمیان حق و عدالت کے مطابق فیصلہ کر اور ہوا و ہوس کی پیروی نہ کر۔"

(સૂરા સાદ, આયત–૨૬)

અલ્લાહનો આ હુકમ હતો અને આ હુકમ પર બરાબર અમલ કર્યો છે કે નહીં તે દાવૂદ (અ.) સંતોષકારક રીતે પોતાને તેના ઉપર અમલ કરતાં ન જોયા એટલે પશ્ચાતાપમાં મુબ્તેલા થઈ ગયા.

اس سے واضح ہوتا ہے کہ حضرت داوود علیہ السلام کی لغزش فیصلے کے طریقے میں تھی۔ لہٰذا اس میں کوئی ایسی چیز نہیں ہے جو اس عظیم نبیؑ کی شان اور مقام کے خلاف ہو۔

એટલે તર્કે ઔલા જ હતું. નબી ક્યારે પણ ગુનાહ કરતો નથી. હઝરત દાવૂદ (અ.) વિષે બધી આયતો પૂરી થઈ ગઈ.

અલ્લાહ તઆલાથી દુઆ કરી લઈએ કે,

- અલ્લાહ આપણી આ ઈબાદત જે કુરઆન શરીફની આયતોનું વર્ણન કરીને, તેમની તિલાવત કરીને, તેમને સમજીને, તેમનો તઝ્કિરો કરીને આપણે કરી રહ્યા છીએ તે કબૂલ કરે. (આમીન)
- આ બધી આયતો પઢવામાં, તમને સમજાવવામાં મારાથી ઘણી બધી ભૂલો થઈ રહી છે, હું એનાથી વાકેફ છું, અને અલ્લાહ મારી તે ભૂલો માફ કરે અને આ આયતોની બરકતોનો ફાયદો મને અને તમને પહોંચાડે. (આમીન)
- અને તમને આ આયતો વડે હિદાયત આપે અને તમને ગુનાહોથી દૂર કરે અને હિદાયતના રસ્તા ઉપર ચલાવે. (આમીન)
- અને દુનિયા અને આખેરતની બધી નેઅમતો તમને આપે. (આમીન)
- અને જે આપણે આપણા માટે માગી રહ્યા છીએ, તે અલ્લાહ આખી દુનિયાનાં મોમિનીન અને મોમિનાતને આપે. (આમીન)
- અને આપણને અલ્લાહ દોઝખના અઝાબથી બચાવે. (આમીન)

(કિશોરગઢ મુકામે પઢેલ ખુત્બા–૬, તા. ૧૪/૧૧/૨૦૦૬)

જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

મોમિન રઝાઅલી ખણુશીયા

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**

આશૂરાની રાત

મોમિન કાસિમભાઇ વિજાપુરા (મહેરપુરા)

મોહર્રમની નવમી તારીખે, શિમ્ર કરબલામાં ઉમર ઇબ્ને સઅદ માટે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ તરફથી હુકમો લઈને આવી પહોંચ્યો. હુકમો એવું દર્શાવતા હતા કે જો ઇમામ હુસૈન (અ.) શરણાગતિ ન સ્વીકારે અને યઝીદની બૈઅત ન કરે તો તેમની સામે યુદ્ધ કરવામાં આવે અને તેમને તત્કાળ કતલ કરી દેવામાં આવે.

આ હુકમ મળતાંની સાથે જ તેણે તેના લશ્કરમાંથી એક ટુકડીને તૈયાર કરી અને તેને લઈને ઇમામ હુસૈન (અ.)ની છાવણી તરફ કૂચ કરી.

હઝરત અબ્બાસ (અ.) વીસ ઘોડેસવારોની સાથે દુશ્મનો તરફ આગળ વધ્યા અને તપાસ કરી કે તેઓ ઓચિંતા શા માટે આવ્યા છે. જ્યારે તેમને અંતિમ પ્રસ્તાવ માટે કહેવામાં આવ્યું, તો તેમણે કહ્યું કે હું ઇમામ હુસૈન (અ.)ને પરિસ્થિતિની જાણ કરીશ અને વળતો જવાબ લાવીશ.

જ્યારે હઝરત અબ્બાસ (અ.)એ ઇમામ હુસૈન (અ.)ને પરિસ્થિતિ વિષે જાણ કરી, તો ઇમામ હુસૈન (અ.)એ પોતાના ભાઈ અબ્બાસને કહ્યું,

"તેમની પાસે પાછા જાઓ, અને શક્ય હોય તો તેમને એક રાતની મહેતલ માટે કહો, જેથી આજે રાત્રે આપણે નમાઝો પઢીએ અને અલ્લાહ આગળ તેની મગ્ફેરત માટે દુઆઓ માગીએ."

ઉમરે ખૂબ આનાકાની પછી, બીજા દિવસની સવાર સુધીની મોહલત આપી. હવે ઇમામ હુસૈન (અ.)ના માણસોએ જાણી લીધું કે બીજા દિવસે મોત થવાનું અનિવાર્ય છે, તેથી ઇમામ હુસૈન (અ.)ની આખી છાવણીએ પોતાની જાતને શહાદત માટે તૈયાર કરી દીધી.

આશૂરાની રાત્રે ઇમામ હુસૈન (અ.)એ પોતાના સાથીદારોને ભેગા કરીને આ પ્રમાણે ખુત્બો આપ્યો,

"યા અલ્લાહ! હું તારો શુક્ર અદા કરું છું, કારણ કે તેં અમને પયગમ્બરીથી સન્માનિત કર્યા અને અમને કુરઆન શિખવાડ્યું, અમને દીને ઇસ્લામ અને તેના અહ્કામ સમજાવ્યા, અમારી આંખોને, કાનને, દિલોને બુતપરસ્તીનાં અનિષ્ટોથી દૂર રાખ્યાં અને ત્યાર પછી તારો અને તારી નેઅમતોનો શુક્ર અદા કરવા માટે શક્તિમાન બનાવ્યા.

હું જાણતો નથી કે મારા અસ્હાબ કરતાં કોઈનાય અસ્હાબ વધારે વફાદાર અને વિશ્વાસપાત્ર હોય અને મારા સ્વજનો કરતાં કોઈ પણના સ્વજનો વધારે સદાચારી અને દયાળુ હોય. અલ્લાહ તઆલા

તમને બધાને સારો બદલો આપે. મને લાગે છે કે આ લશ્કર સાથે આપણી લડાઈનો દિવસ આવી પહોંચ્યો છે.


હું તમને બધાને અહીંથી ચાલ્યા જવાની પરવાનગી આપું છું, કારણ કે દુશ્મનો ફક્ત મારી પાછળ જ પડેલા છે. તમે બધા કોઈ પણ બંધન વગર અહીંથી ચાલ્યા જવા માટે આઝાદ છો અને રાતના અંધકારનો લાભ લઈ શકો છો."

જે લોકો ખોટા ઈરાદાથી આવ્યા હતા, તેઓ તો પહેલાંથી જ આપને છોડીને ચાલ્યા ગયા હતા અને બાકી રહ્યા હતા તેઓ પોતાના ઈમાન અને વફાદારીમાં પરિપૂર્ણ હતા. ખુત્બો સાંભળનાર બધાએ ઈમામ (અ.)ને છોડીને ચાલ્યા જવાનો ઈન્કાર કરી દીધો. એક જણે તો આવું કહ્યું,

"શું અમે આપ (અ.)ના પછી જીવતા રહેવા માટે ચાલ્યા જઈએ? અમે તો અલ્લાહ આગળ એવી દુઆ માગીએ છીએ કે એવો સમય ન આવે કે આપ કતલ થઈ જાઓ અને અમે જીવતા રહી જઈએ."

ત્યાર પછી આખી છાવણીના લોકો બીજા દિવસના બનાવો માટેની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયા. નમાઝો અને દુઆઓના ગુંજારવથી, હજારો મધમાખીઓના ગણગણાટની માફક વાતાવરણ ભરાઈ ગયું. કેટલાક સૈનિકોએ પોતાનાં હથિયારો ચકાસી જોયાં, જ્યારે અન્ય લોકો લડાઈની વ્યૂહરચનાની ચર્ચા કરવા લાગ્યા. માતાઓ પોતાના દીકરાઓને ઈસ્લામ ખાતર ઈમામ હુસૈન (અ.) ઉપર કુરબાન કરવાની તૈયારીઓ કરવા લાગી.

ઈમામ હુસૈન (અ.) પોતાની છાવણીના ફરતે, પોતાના માણસો અને સાથે સાથે પોતાના સ્વજનો સાથે વાતો કરતા કરતા, ફરવા લાગ્યા અને તેમને પ્રોત્સાહન આપવા માટે છેલ્લી ક્ષણોની સૂચનાઓ આપવા લાગ્યા. તેમણે પોતાની બહેન બીબી ઝૈનબ (અ.)ને દિલાસો આપ્યો અને પોતાની શહાદત પછી પડનારી મુસીબતો વખતે સબ્ર કરવાની પણ ભલામણ કરી.





કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

સ્ત્રીઓ વિષેની આયતો

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنۡۢ بَعۡدُ حَتّٰی تَنۡكِحَ زَوۡجًا غَيۡرَهٗ ؕ فَاِنۡ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيۡهِمَاۤ اَنۡ يَّتَرَاجَعَاۤ اِنۡ ظَنَّاۤ اَنۡ يُّقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ؕ وَتِلۡكَ حُدُوۡدُ اللّٰهِ يُبَيِّنُهَا لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ﴿۲۳۰﴾

❁ પછી જો તેણીને (ત્રીજી) તલાક (બાઈન) આપે તો, તે બાદ તેણી તેના માટે હલાલ રહેશે નહીં, જ્યાં સુધી તેણી કોઈ મર્દ સાથે નિકાહ કરે નહીં; પછી જો તે (બીજો પતિ પણ) તેણીને તલાક આપે તો તેઓ એકબીજાને ફરીથી પરણે (એમ કરવામાં) તેમના ઉપર કોઈ દોષ નથી, એ શર્તે કે તેઓ બન્ને એમ ધારે કે તેઓ અલ્લાહના નિયમો જાળવી શકશે; અને આ અલ્લાહની હદો છે કે જે તે લોકો માટે વર્ણવે છે કે જેઓ સમજ ધરાવે છે.

(સૂરા બકરા, આયત–૨૩૦)

وَالۡوَالِدٰتُ يُرۡضِعۡنَ اَوۡلَادَهُنَّ حَوۡلَيۡنِ كَامِلَيۡنِ لِمَنۡ اَرَادَ اَنۡ يُّتِمَّ الرَّضَاعَةَ ؕ وَعَلَى الۡمَوۡلُوۡدِ لَهٗ رِزۡقُهُنَّ وَكِسۡوَتُهُنَّ بِالۡمَعۡرُوۡفِ ؕ لَا تُكَلَّفُ نَفۡسٌ اِلَّا وُسۡعَهَا ۚ لَا تُضَآرَّ وَالِدَةٌۢ بِوَلَدِهَا وَلَا مَوۡلُوۡدٌ لَّهٗ بِوَلَدِهٖ ۚ وَعَلَى الۡوَارِثِ مِثۡلُ ذٰلِكَ ۚ فَاِنۡ

❁ અને (તલાક મેળવેલી) માતાઓએ પોતાનાં બાળકોને પૂરાં બે વર્ષ સુધી દૂધ પિવડાવવું જોઈએ, આ તેમના માટે છે કે જેઓ ધવડાવવાની મુદ્દત પૂરી કરવા (કરાવવા) ચાહતાં હોય; અને તે (દૂધ પિવડાવનારી સ્ત્રીઓ)ના ખોરાક તથા પોશાકનો ખર્ચ યોગ્ય રીતે (બાળકના) બાપના શીરે છે; કોઈ વ્યકિતને તેના ગજા ઉપરાંત તકલીફ આપવામાં ન આવે (એટલે કે) ન માને તેણીના બાળકના કારણે હાનિ પહોંચાડવામાં આવે, કે ન

اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَا ؕ وَاِنْ اَرَدْتُّمْ اَنْ تَسْتَرْضِعُوْٓا اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ اِذَا سَلَّمْتُمْ مَّآ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۲۳۳﴾

બાળકના પિતાને બાળકના કારણે, અને બાપના સ્થાને ઊભા રહેનારના માથે (પણ) એ જ ફરજ છે, પછી જો બન્ને (માબાપ) રાજીખુશીથી અને પરસ્પરની સલાહથી દૂધ છોડાવી લેવા ચાહે, તો બન્ને ઉપર કોઈ દોષ નથી; અને જો તમે તમારાં બચ્ચાંઓને (ધાવનું) દૂધ ધવરાવવાને ઇચ્છતા હો તો તેમ કરવામાં પણ તમારા ઉપર કોઈ દોષ નથી, એ શર્તે કે તમે જે ઠરાવ્યું હોય, તે વાજબી રીતે તેને આપો; અને અલ્લાહથી ડરો અને જાણી લો કે જે કાંઈ તમે કરો છો, તે અલ્લાહ નિહાળે છે.

(સૂરા બકરા, આયત–૨૩૩)

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا ۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ بِالْمَعْرُوْفِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۲۳۴﴾

❁ અને તમારામાંથી જે લોકો મરી જાય, અને (પોતાની પાછળ) સ્ત્રીઓને મૂકી જાય, તો તે સ્ત્રીઓ ચાર મહીના અને દસ દિવસ (ઇદ્દતની) રાહ જુએ, પછી જ્યારે તેઓ પોતાની ઇદ્દત(ની મુદ્દત) પૂરી કરે, ત્યારે જાઇઝ રીતે પોતાના માટે જે કાંઈ કરે તે માટે તમારા ઉપર કાંઈ દોષ નથી; અને તમે જે કાંઈ કરો છો, તેનાથી અલ્લાહ જાણકાર છે.

(સૂરા બકરા, આયત–૨૨૯)

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا ۚ وَّصِيَّةً لِّاَزْوَاجِهِمْ مَّتَاعًا اِلَى الْحَوْلِ غَيْرَ اِخْرَاجٍ ۚ فَاِنْ خَرَجْنَ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْ مَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ مِنْ مَّعْرُوْفٍ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۲۴۰﴾

❁ અને તમારામાંથી જે લોકો મરણ પામે અને પાછળ (વિધવા) સ્ત્રી મૂકી જાય, તો (તેમને જોઈએ કે) પોતાની સ્ત્રીઓ માટે એક વર્ષ સુધી(ના નિર્વાહનાં) સાધન પૂરાં પાડવાં તથા ઘરમાંથી બહાર કાઢી મૂકવી નહીં, એવી વસિયત કરે, પછી જો તે (સ્ત્રીઓ ખુશીથી) નીકળી જાય અને પોતાના માટે કાયદેસર જે કાંઈ કરે, તો તે માટે તમારા માથે કોઈ દોષ નથી; અને અલ્લાહ ઇઝ્ઝતવાળો અને હિકમતવાળો છે. **(સૂરા બકરા, આયત–૨૪૦)**

ગુરરુલ હિકમ

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી





મોહંમદ (સ.) અને આપ (સ.)ની અહલેબૈત (અ.)

٣٧۔ بِنَا اهْتَدَيْتُمْ (فِيْ) الظُّلَمَآءِ، وَبِنَا تَسَنَّمْتُمُ الْعَلْيَآءَ، وبِنَا انْفَجَرْتُمْ عَنِ السِّرَارِ

૩૭. અમારા વડે જ તમે અંધારાઓમાં હિદાયત મેળવી, અમારાથી (ઈલ્મ અને ઈમાનની) તમે બુલંદી મેળવી, અને અમારા કારણે જ તમે અંધારી રાત્રિઓમાંથી દિવસના અજવાળા સુધી પહોંચ્યા છો.

٣٨۔ بِنَا فَتَحَ اللّٰهُ، وَبِنَا يَخْتِمُ، وَبِنَا يَمْحُوْ مَا يَشَآءُ، وَيُثْبِتُ، وَبِنَا يَدْفَعُ اللّٰهُ الزَّمَانَ الْكَلِبَ، وَبِنَا يُنَزِّلُ اللّٰهُ الْغَيْثَ فَلَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرِ

૩૮. અલ્લાહ અમારાથી જ શરૂઆત કરે છે અને અમારા પર જ સમાપન કરે છે, અને અમારા થકી જ અલ્લાહ જે ચાહે છે તે નાબૂદ કરે છે અને બાકી રાખે છે, અમારા થકી જ અલ્લાહ મુશ્કેલીને દૂર કરે છે, અને અમારા કારણે જ અલ્લાહ વરસાદ વરસાવે છે, તેથી અલ્લાહ બાબતે ગેરમાર્ગે દોરનાર તમને ગેરમાર્ગે દોરે નહીં.

٣٩۔ خَالِطُوا النَّاسَ بِمَا يَعْرِفُوْنَ، وَدَعُوْهُمْ مِمَّا يُنْكِرُوْنَ، وَلَا تُحَمِّلُوْهُمْ عَلٰى اَنْفُسِكُمْ وَعَلَيْنَا، فَاِنَّ اَمْرَنَا صَعْبٌ مُّسْتَصْعَبٌ

૩૯. લોકો સાથે એટલો જ સંબંધ રાખો કે જેટલી તેમને અમારી ઓળખ છે, અને અમારી ફઝીલતોમાંથી તેમની સમક્ષ એ બાબતો ન મૂકો કે જે બાબતોને તેઓ માન્ય ન રાખે, તે

લોકોને તમારી અને અમારી ઇતાઅત કરવાની જવાબદારી ન નાખો, કારણ કે અમારી બાબતો ઘણી જ મુશ્કેલ અને કઠીન છે.

૪૦. રસૂલ (સ.) વિષે કહ્યું, "આપ (સ.) દુનિયાથી ભૂખ્યા વિદાય થયા અને આખેરતમાં સલામતી સાથે દાખલ થયા. આપ (સ.)એ કદી પોતાને માટે ઈંટ પર ઈંટ મૂકી નહીં, ત્યાં સુધી કે આપ (સ.) દુનિયાથી વિદાય થઈ ગયા અને અલ્લાહની દાવત કબૂલ કરી લીધી."

٤٠۔ وَقَالَ۔عَلَيْهِ السَّلَامُ۔ فِيْ ذِكْرِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ: خَرَجَ مِنَ الدُّنْيَا خَمِيْصًا، وَّوَرَدَ الْاٰخِرَةَ سَلِيْمًا، لَّمْ يَضَعْ حَجَرًا عَلٰى حَجَرٍ حَتّٰى مَضٰى لِسَبِيْلِهٖ وَاَجَابَ دَاعِيَ رَبِّهٖ

૪૧. એક પોકારનાર તમને બોલાવે છે, અને એક નિગેહબાન તમારી દેખરેખ રાખે છે. માટે પોકારનારને જવાબ આપો અને નિગેહબાનને અનુસરો.

٤١۔ دَاعٍ دَعَا، وَرَاعٍ رَّعَا، فَاسْتَجِيْبُوْا لِلدَّاعِيْ، وَاتَّبِعُوا الرَّاعِيْ

૪૨. તમે મને ગુમાવી દો એ પહેલાં મને જે પૂછવું હોય તે પૂછી લો, કારણ કે હું, તમે જેટલા જમીનના માર્ગોથી વાકેફ છો, તેના કરતાં વધારે આકાશના માર્ગોથી વાકેફ છું.


٤٢۔ سَلُوْنِيْ قَبْلَ اَنْ تَفْقِدُوْنِيْ، فَاِنِّيْ بِطُرُقِ السَّمَآءِ اَخْبَرُ (اَعْلَمُ) مِنْكُمْ بِطُرُقِ الْاَرْضِ

૪૩. તમે મને ગુમાવી દો એ પહેલાં મને પૂછી લો, કારણ કે અલ્લાહની કસમ, કુરઆનમાં એવી કોઈ આયત નથી કે જેના બારામાં હું ન જાણતો હોઉં કે તે કોના વિષે છે અને ક્યાં નાઝિલ થઈ છે, સમતલ જમીન પર કે પર્વતો પર. ખરેખર, અલ્લાહે મને સંવેદનશીલ હૃદય અને વાકછટાવાળી જીભથી નવાજ્યો છે.

٤٣۔ سَلُوْنِيْ قَبْلَ اَنْ تَفْقِدُوْنِيْ، فَوَ اللّٰهِ مَا فِي الْقُرْاٰنِ اٰيَةٌ اِلَّا وَاَنَا اَعْلَمُ فِيْمَنْ نَّزَلَتْ، وَاَيْنَ نَزَلَتْ، فِيْ سَهْلٍ اَوْ فِيْ جَبَلٍ، وَّاِنَّ رَبِّيْ وَهَبَ لِيْ قَلْبًا عَقُوْلًا، وَّلِسَانًا نَاطِقًا

ગડમથલ

૪૦૧ | **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



આડી ચાવીઓ

(૧) સ્વાર્થ, હેતુ, આશય (૪)
(૩) ખતરાથી ભરેલું, ભયજનક (૫)
(૬) ફિટકાર, ધિક્કાર (૩)
(૮) ક્ષીણ, કમજોર, જગ્યા, મુકામ (૨)
(૯) મુસલમાનોએ પ્રથમ હિજરત ત્યાં કરેલી (૩)
(૧૩) વધારો, વૃદ્ધિ (૪)
(૧૫) અસ્હાબે કહફના કૂતરાનું નામ (૪)
(૧૬) વ્યકિત, કોઈ માણસ, લોકો (૨)
(૧૭) હિંદુ ધર્મના એક ભગવાનનું નામ (૨)
(૧૮) માટી, ધૂળ, રજ (૨)
(૧૯) ધર્મ, સંપ્રદાય, મઝહબ (૨)
(૨૧) કેન્દ્ર, મધ્યસ્થ સ્થળ, સેન્ટર (૪)
(૨૫) બુદ્ધિશાળી વ્યકિત, અનાજનો દાણો (૨)
(૨૭) જમાનો, યુગ, કાલ, સમય (૩)
(૩૦) અદૃશ્ય, ગાયબ (૪)
(૩૨) પ્રશંસા, વખાણ (૩)
(૩૨) કૃપાળુ, દયાળુ, અલ્લાહનું નામ (૩)
(૩૩) કૃપાળુ, દયાળુ, અલ્લાહનું નામ (૩)
(૩૪) દોસ્ત, મિત્ર, ગોઠિયો (૨)
(૩૫) સૈન્ય, લશ્કર, ફોજ, દળ (૨)

ઊભી ચાવીઓ

(૧) ધર્મ, સંપ્રદાય, દીન (૪)
(૨) મુસીબત, આફત (૨)
(૩) પત્ર, લીટી, રેખા (૨)
(૪) અધમતા, નીચતા, દુષ્ટતા (૪)
(૫) આગ, અગ્નિ, દોઝખ, જહન્નમ (૨)
(૭) નશો, ઘેન, ખુમારી (૨)
(૧૦) સાચું, ઉચિત, યોગ્ય (૪)
(૧૧) શંકા, સંદેહ, વહેમ (૨)
(૧૨) એક પ્રકારના પત્થરનું નામ, સંગે....., આરસપહાણ (૪)
(૧૪) ભાગ્ય, નસીબ, કિસ્મત (૪)
(૧૫) સમ, સોગંદ (૩)
(૧૮) કુટુંબ, કુળ, પરિવાર, વંશ (૪)
(૨૦) રોકડ, રોકડા, કેશ (૩)
(૨૨) કા'બામાં મળતું પવિત્ર પાણી (૪)
(૨૪) બીબી મરયમનો ઉછેર કરનાર પયગમ્બર (૪)
(૨૬) દેવાળિયું, કંગાળ, દરિદ્ર, નિર્ધન (૩)
(૨૮) સહાયતા, સહાય, આશરો (૩)
(૨૯) મધમાખી (૩)
(૩૧) શ્વાસ (૨)

FarmSay™
Straight from nature

કુદરતની નજીક, સ્વાદમાં ખાસ!

ફાર્મસે ની દરેક પ્રોડક્ટ છે ક્વોલિટીમાં ખાસ!

અમારી પ્રોડક્ટસ્

વિવિધ આટા
(પથ્થર ચક્કીમાં ધીમે પીસાયેલ, પેગંબરી ઘઉં અને ઈસબગુલના મિશ્રણ સાથે)

દેશી ગાયનું ઘી
(વલોણા દ્વારા બનાવેલ)

મલ્ટીગ્રેન કુકીઝ
(મેદો, પામ ઓઇલ અને રિફાઇન્ડ સુગર વગરના)



અમે દેશી A2 ગાયના દૂધનું પણ વેચાણ કરીએ છીએ.

વધુ માહિતી માટે સંપર્ક કરો: **+91 7984835956**

ગામ: ચડોતર, તા.: પાલનપુર, જી.: બનાસકાંઠા.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

نہج الاسرار
નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો. કાસિમભાઈ વિજાપુરા

(૯) યહૂદી આલિમ: ઈબ્રાહીમ (અ.)ને નમરૂદથી ત્રાણ હિજાબોમાં છુપાયેલા રાખવામાં આવ્યા હતા.

અમીરુલ મોમિનીન (અ.): એમાં કોઈ બેમત નથી, પાણ રસૂલલ્લાહ (સ.)ને એ દરેક વ્યકિતથી પાંચ હિજાબોમાં છુપાયેલા રાખવામાં આવ્યા હતા કે જેણે આપ (સ.)ની કતલનો ઈરાદો કર્યો હતો. તેથી ત્રાણ હિજાબ (ઈબ્રાહીમ (અ.)ના હિજાબથી) સરખામણી ધરાવે છે, અને વાત રહી બાકીના બે પડદાની તો તેઓ આપ (સ.)ની બુલંદી દર્શાવે છે.

અલ્લાહ અઝ્ઝ વ જલ્લે આપ (સ.)ની શાનમાં ફરમાવ્યું છે, وَجَعَلْنَا مِنْۢ بَيْنِ اَيْدِيْهِمْ سَدًّا (અને અમે મૂકી દીધી છે તેમના સામે એક આડ.) આ પહેલો હિજાબ છે. وَّمِنْ خَلْفِهِمْ سَدًّا (અને તેમની પાછળ એક આડ.) આ બીજો હિજાબ છે. فَاَغْشَيْنٰهُمْ فَهُمْ لَا يُبْصِرُوْنَ (અને અમે તેમને છુપાવી દીધા છે, માટે તેઓ નથી જોઈ શકતા.)[1] આ ત્રીજો હિજાબ છે. પછી અલ્લાહે ફરમાવ્યું, وَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ جَعَلْنَا بَيْنَكَ وَبَيْنَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ حِجَابًا مَّسْتُوْرًا (અને જ્યારે આપ કુરઆન પઢો છો, ત્યારે અમે આપની અને એ લોકોની વચ્ચે કે જેઓ આખેરત પર ઈમાન ધરાવતા નથી, એક છુપો પડદો કાયમ કરી દઈએ છીએ.)[2] આ ચોથો હિજાબ છે. પછી ફરમાવ્યું, فَهِيَ اِلَى الْاَذْقَانِ فَهُمْ مُّقْمَحُوْنَ (તો તે (તોક) તેમની દાઢીઓ સુધી છે, એટલે તેઓ માથું ઊંચું જ રાખે છે.)[3] આ પાંચમો હિજાબ છે.

(૧૦) યહૂદી આલિમ: ઈબ્રાહીમ (અ.)ની નબુવ્વતની દલીલથી એક કાફિર ચકિત (અચંબિત) થઈ ગયો હતો.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું જ થયું હતું. જો કે, મોહંમદ (સ.) એક એવા માણસને મળ્યા હતા કે જે કયામતમાં ફરીથી ઊભા કરવામાં આવવા પર અકીદો ધરાવતો ન હતો. તે ઉબૈ ઈબ્ને

1 સૂરા યાસીન, આયત–૯

2 સૂરા બની ઈસરાઈલ, આયત–૪૫

3 સૂરા યાસીન, આયત–૮

ખલફ અલ–જુમહી હતો. તેના હાથમાં એક હાડકું હતું જેને મસળીને તેણે કહ્યું, "અય મોહંમદ! કોણ છે કે જે આ નિર્જીવ હાડકાને જીવન આપી શકે છે જ્યારે કે તે સડી ગયું હોય?" પછી અલ્લાહના હુકમથી મોહંમદ (સ.)એ કલામે પાકની મોલ્કમ આયતો પઢી અને તે નબુવ્વતની દલીલથી ચકિત (અચંબિત) થઈ ગયો. પછી આપ (સ.)એ ફરમાવ્યું, يُحْيِيهَا الَّذِيٓ اَنْشَاَهَآ اَوَّلَ مَرَّةٍ ؕ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيْمٌ (જીવિત કરશે તેમને એ જ કે જેણે સર્જન કર્યું તેમનું પ્રથમ વાર, અને તે તો દરેક સર્જન વિષે જાણનાર છે.)[1] પછી તે મુસલમાન થઈ ગયો.

(૧૧) યહૂદી આલિમ: ઈબ્રાહીમ (અ.)એ અલ્લાહ અઝ્ઝ વ જલ્લ માટે ગઝબનાક બનીને પોતાની ઉમ્મતના બુત તોડી નાખીને તેમના ટુકડે–ટુકડા કરી નાખ્યા હતા.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું જ થયું હતું. જો કે, મોહંમદ (સ.)એ કા'બામાંથી ત્રણસો ને સાઠ બુતોને તોડી નાખ્યા હતા, અને અરબ દ્વીપમાંથી તેમનો સફાયો કરી દીધો હતો, અને તેમને પૂજવાવાળાઓની તલવારથી નામોશી કરી હતી.

(૧૨) યહૂદી આલિમ: ઈબ્રાહીમ (અ.)એ પોતાના જ ફરઝંદને પેશાની વરાણે જમીન પર સુવાડી દીધા હતા (કે જેથી અલ્લાહના હુકમ મુજબ તેમની કુરબાની કરી શકે).

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું જ થયું છે. ઈબ્રાહીમ (અ.)ના કિસ્સામાં એવું થયું હતું કે આપ (અ.)એ પોતાના ફરઝંદને જમીન પર સુવાડી દીધા પછી તેમના બદલે એક દુમ્બાનો ફિદિયો અતા કરવામાં આવ્યો હતો. જો કે, મોહંમદ (સ.)એ એક બહુમૂલ્ય વસ્તુના નુકસાનનો ગમ ઉઠાવવો પડ્યો હતો. એમાં શંકા નથી કે આપ (સ.)ને પોતાના કાકા હઝરત હમ્ઝા (રઝી.) — કે જેઓ અસદુલ્લાહ અને અસદુર્રસૂલ અને એમના દીનના મદદગાર હતા —ની વિસાલના સમાચાર મળ્યા, ત્યારે આપ (સ.) પર એવી હાલત તારી થઈ જાણે કે આપ (સ.)ની રૂહ જિસ્મથી જુદા થઈ ગઈ હોય; છતાંય આપ (સ.)એ કોઈ દેખીતો શોક વ્યકત નહોતો કર્યો, કે ન એક આંસુ સુધ્ધાં વહાવ્યું હતું, કે ન તો તેમની શહાદતની જગ્યા તરફ પોતાના દિલથી કે પોતાનાં અહલેબૈત (અ.)નાં દિલોની દૃષ્ટિએ નજર કરી. આ રીતે આપ (સ.)ની સબ્રો–રઝાથી અલ્લાહ અઝ્ઝ વ જલ્લ રાજી થયો. આપ (સ.) તમામ કાર્યોમાં અલ્લાહની રઝા આગળ નતમસ્તક થઈ ગયા, અને ફરમાવ્યું કે, "જો તેમની પત્ની સફિયાને આ વાતનું દુ:ખ કે ગમ ન પહોંચત, તો હું તેમના શરીર મુબારકને કયામત સુધી ત્યાં જ ખુલ્લામાં રહેવા દેત; જેથી તેમને જંગલી જાનવરો અને પંખીઓના પેટમાંથી જ અલ્લાહની બારગાહમાં ઉઠાવવામાં

1 સૂરા યાસીન, આયત–૭૯

આવત. અને જો મને એ વાતનો ડર ન હોત કે મારા પછી આ એક રિવાજ બની જશે, તો બેશક હું આવું જ કરત."

(૧૩) યહૂદી આલિમ: ઈબ્રાહીમ (અ.)ને તેમની કોમે આગમાં નાખી દીધા હતા, જેના પર તેમણે સબ્ર કરી હતી, અને અલ્લાહે આગને તેમના માટે ઠંડી કરી દીધી હતી, અને તેમને સલામત રાખવામાં આવ્યા. શું મોહંમદ (સ.) માટે કદી એવું થયું છે?

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું ચોક્કસ થયેલું છે. જ્યારે મોહંમદ (સ.) ખૈબર ખાતે તશરીફ લઈ ગયા હતા, ત્યારે એક યહૂદી સ્ત્રીએ આપ (સ.)ને ઝેર આપ્યું હતું. ત્યારે અલ્લાહ તઆલાએ તે ઝેરને આપ (સ.)ના જિસ્મ મુબારકમાં ઠંડું અને બેઅસર કરી દીધું. તે ઝેર એટલું કાતિલ હતું કે શરીરમાં દાખલ થતાં જ આગની માફક શરીરના અંદરના હિસ્સાને બાળી નાખે; અને આ અલ્લાહની જ કુદરત હતી, જેમાં કોઈ શંકા નથી.

(૧૪) યહૂદી આલિમ: હઝરત યાકૂબ (અ.) પર અલ્લાહે બેશુમાર નેઅમતો વરસાવી હતી. તેમની પવિત્ર નસ્લમાંથી જ અનેક કબીલાઓ અને કોમ વજૂદમાં આવી. અને મરયમ બિન્તે ઈમરાન (અ.) પણ તેમની જ ઓલાદમાંથી હતાં.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું જ છે, પરંતુ મોહંમદ (સ.)ને તો એનાથીય વિશેષ ફઝીલત અને ભેટ મળી છે, કેમ કે તમામ આલમીનની સ્ત્રીઓનાં સરદાર હઝરત બીબી ફાતેમા (અ.) આપ (સ.)ની જ નસ્લમાંથી છે; અને હઝરત હસન (અ.) અને હુસૈન (અ.) જેવા પાક શાહઝાદાઓ તેમના જ વંશજ છે."

(૧૫) યહૂદી આલિમ: હઝરત યાકૂબ (અ.) એ પોતાના વહાલસોયા દીકરાના વિરહમાં એટલી હદે સબ્ર કરી હતી કે ગમના માર્યા તેમનો જીવ જતો રહ્યો હોત, તો પણ નવાઈ નહોતી.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું થયું છે, પરંતુ યાકૂબ (અ.)નો ગમ તેમના ફરઝંદના વિરહનો હતો અને અંતે તેમના ફરઝંદ સાથે તેમની મુલાકાત પણ થઈ ગઈ હતી, અને અબૂ ઈબ્રાહીમ (સ.) માટે એવું થયું કે તેમના નૂરે–ચશ્મ ઈબ્રાહીમને આપ (સ.)ની હયાતીમાં જ મોત આવી ગયું હતું. આ અલ્લાહ તરફથી આપ (સ.)ની એક મોટી કસોટી હતી, જેના થકી આપ (સ.)ના સવાબ અને દરજ્જામાં બેપનાહ વધારો થયો.

આપ (સ.)એ પોતાના દીકરાની વિસાલ વખતે ફરમાવ્યું, "મારી રૂહ ગમગીન છે, મારું દિલ બેચેન છે, અને અય ઈબ્રાહીમ! તમારી જુદાઈના લીધે અમે ઊંડા શોકમાં છીએ; પણ અમે અમારી ઝબાનથી હરગિઝ એવું કંઈ જ નહીં ઉચ્ચારીએ જેનાથી મારો રબ નારાજ થાય." આમ, આટલા મોટા દુઃખમાં પણ આપ (સ.)એ અલ્લાહની

રઝામાં જ રાજી રહેવાનું પસંદ કર્યું, અને હર હાલમાં તેની બંદગી જ બજાવી.

(૧૬) યહૂદી આલિમ: હઝરત યૂસુફ (અ.)એ પોતાના વાલિદથી જુદા પડવાની સખ્ત તકલીફ વેઠી હતી. ગુનાહોથી બચવા માટે તેમણે જેલની કેદ પસંદ કરી હતી, અને તેમને એકલાઅટૂલા એક કૂવામાં નાખી દેવામાં આવ્યા હતા.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું જ થયું છે, પરંતુ મોહંમદ (સ.)એ પણ વતનથી દૂરીની સખ્તી, માલ અને બીવીબચ્ચાંથી જુદાઈની કડવાશ સહન કરી છે. આપ (સ.)એ અલ્લાહના પવિત્ર હરમ અને તેની પનાહમાંથી હિજરત કરી હતી.

તેથી અલ્લાહે જ્યારે આપ (સ.)ના ગમ અને દુઃખી દિલને જોયું, તો આપ (સ.)ને યૂસુફ (અ.)ની જેમ જ એક સાચું સપનું બતાવ્યું કે જેની તાવીલ જનસામાન્યની સામે કરવામાં આવી; જેમ કે કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે:

لَقَدْ صَدَقَ اللّٰهُ رَسُوْلَهُ الرُّءْيَا بِالْحَقِّ ۚ لَتَدْخُلُنَّ الْمَسْجِدَ الْحَرَامَ اِنْ شَآءَ اللّٰهُ اٰمِنِيْنَ ۙ مُحَلِّقِيْنَ رُءُوْسَكُمْ وَمُقَصِّرِيْنَ ۙ لَا تَخَافُوْنَ ؕ

(અલ્લાહે પોતાના રસૂલ (સ.)ના બરહક સપનાને સાચું કરી દેખાડ્યું કે જો અલ્લાહે ઇચ્છયું, તો તમે જરૂર અમાનની સાથે મસ્જિદે હરામમાં દાખલ થઈ જશો, તમારામાંથી કેટલાક પોતાનાં માથાંઓને મૂંડાવશે, અને કેટલાક તક્સીર કરશે (એટલે કે વાળ કપાવશે), પછી તમને કોઈ ખોફ નહીં હોય.) [1]

વાત રહી હઝરત યૂસુફ (અ.)ના કેદવાસની, તો આપ (સ.)એ શેઅબે અબૂ તાલિબમાં પૂરાં ત્રણ વર્ષ સુધી જાતે જ કેદ વહોરી લીધી હતી, જ્યારે કે આપ (સ.)નાં સગાંવહાલાંએ આપ (સ.)ની સાથે સંબંધ કાપી નાખ્યા, અને કાફિરોએ આપ (સ.)ને અત્યંત સખ્ત હાલતમાં મૂકી દીધા. તે દરમિયાન, અલ્લાહ તઆલાએ તે દુશ્મનો વિરુદ્ધ એક જબરદસ્ત ચાલ ચાલી: તેમણે સંબંધ કાપી નાખવા માટે જે કરારનામું લખ્યું હતું, તેને અલ્લાહે ઊધઈ મારફતે ખવડાવી દીધું.

અને હઝરત યૂસુફ (અ.)ને કૂવામાં નાખવામાં આવ્યા હતા, તેમ મોહંમદ (સ.)એ દુશ્મનોના ડરથી પોતાને એક ગુફામાં સુરક્ષિત કરી દીધા હતા, એટલે સુધી કે આપ (સ.)એ પોતાના સાથીને કહ્યું હતું કે, "ગમ ન કરો, બેશક અલ્લાહ આપણી સાથે જ છે." અને એટલે જ અલ્લાહે પોતાની કિતાબમાં આપ (સ.)ના આ અમલનાં ખાસ વખાણ કર્યાં છે.

(૧૭) યહૂદી આલિમ: એ મૂસા ઇબ્ને ઇમરાન (અ.) છે કે જેમના પર અલ્લાહ તરફથી તૌરાત નાઝિલ થઈ કે જેમાં તેના અહકામ છે.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું થયું છે, પરંતુ મોહંમદ (સ.)ને એ બધું અતા કરવામાં

1 સૂરા ફત્હ, આયત–૨૭

આવ્યું કે જે એના કરતાંય અફઝલ છે. આપ (સ.) ને 'ઇન્જીલ' (Bible)ના બદલામાં સૂરા બકરા અને સૂરા માએદા; 'તૌરાત' (Torah)ના બદલામાં તવાસીન[1], સૂરા તાહા, અડધા મુફ્સ્સલ સૂરા[2], અને હવામીમ[3]; 'ઝબૂર' (Psalms)ના બદલામાં અન્ય અડધા મુફ્સ્સલ સૂરા અને તસાબીહ[4] તેમ જ હઝરત ઇબ્રાહીમ (અ.) અને હઝરત મૂસા (અ.) ના સહીફાઓના બદલામાં સૂરા બની ઇસરાઈલ અને સૂરા બરાઅત (સૂરા તૌબા) આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, અલ્લાહ તઆલાએ આપ (સ.) ને સબ્અ તિવાલ[5], સબ્અ મસાની (સાત વારંવાર પઢાતી આયતો – સૂરા ફાતેહા) અને કલામે પાક આપીને આપ (સ.)નું સ્થાન બુલંદ કર્યું છે. સાથે જ, આપ (સ.)ને કિતાબ અને હિકમત પણ આપવામાં આવ્યાં છે.

1 તવાસીન એવા સૂરાઓને કહેવાય છે કે જેની શરૂઆત 'તાસીન'થી થતી હોય, તે સૂરાઓ છે: સૂરા શોઅરા, સૂરા નમ્લ, અને સૂરા કસસ.

2 મોટા ભાગના મત પ્રમાણે મુફ્સ્સલ સૂરામાં સૂરા હોજોરાતથી સૂરા નાસ સુધીના સૂરાઓનો સમાવેશ થાય છે.

3 હવામીમ એવા સૂરાઓને કહેવાય છે કે જેની શરૂઆત 'હામીમ'થી થતી હોય, તે સૂરાઓ છે: સૂરા મોમિનથી સૂરા અલ્કાફ્.

4 તસાબીહ કે મુસબ્બિહાત એવા સૂરાઓને કહેવાય છે કે જેની શરૂઆત અલ્લાહની તસ્બીહથી થતી હોય.

5 'તિવાલ' કુરઆનના લાંબા સૂરાને કહેવામાં આવે છે. 'સબ્અ તિવાલ'થી મુરાદ સૂરા બકરાથી સૂરા તૌબા સુધી છે જેમાં અન્ફાલ અને તૌબાને એક જ સૂરો ગણવામાં આવે છે. (મતાઉસ્સકલૈન લિ–મુજાહિદલુસૈન, જિલ્દ–૧, સફ્હા–૪૭૧)



સહકાર સ્ટીલ (મજાદર)

તમામ પ્રકારના લોખંડ અને સ્ટીલના માલના હોલસેલ તથા રિટેલ વેપારી


TMT સળિયા



એમ.એસ.પાઈપ


જી.આઈ. પાઈપ


એંગલ


ફ્લેટ, સ્ટીલ પ્લેટ


ચેનલ


બીમ


ચેકર પ્લેટ


કાંટા તાર


બાઈન્ડિંગ વાયર



સિમેન્ટ


ફેન્સિંગ જાળી


પાવડર કોટિંગ પતરા


સિમેન્ટ પતરા


ફાઇબર શીટ


સિમેન્ટ ફેન્સિંગ પોલ

અમારી વિશેષતાઓ

- **ઉત્તમ ગુણવત્તા** — ઉત્તમ અને વિશ્વાસપાત્ર બિલ્ડિંગ મટીરિયલ્સ.
- **હોલસેલ ભાવ** — ભર્યો માલ હોલસેલ અને વાજબી ભાવ.
- **વિશાલ પ્રોડક્ટ રેન્જ** — બિલ્ડિંગ માટે જરૂરી તમામ સામાન એક જ જગ્યાએ.
- **સમયસર ડિલિવરી** — ઝડપી અને સમયસર માલની ડિલિવરી.
- **અનુભવી અને વિશ્વાસપાત્ર સેવા** — અનુભવી ટીમ સાથે બેસ્ટ સેવા.
- **સમગ્ર ગુજરાતમાં સપ્લાય** — ગુજરાતના દરેક શહેર અને ગામમાં સપ્લાય.

દરેક પ્રકારના બિલ્ડિંગ મટીરિયલ્સ હોલસેલ ભાવે સમગ્ર ગુજરાતમાં સપ્લાય કરવામાં આવે છે.

ઓફીસ : +91 9723501463 મુસ્તફા ભાઈ શેરપુરા : +91 9898473429

સરનામું: સહકાર સ્ટીલ, સના હોટલની પાછળ, મજાદર અપ્રોચ રોડ, સાહિલ સેનેટરીની બાજુમાં, મજાદર - 385210, જી. બનાસકાંઠા (ગુજરાત)

Scan for Location



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

મશાયખવાણી

મક્તૂલનામા

● સત ગોર પીર મશાયખ વાચા ●

બયાન નં.૨૯૪

તબ ઔનને અસવાર હો, ધોડા રે ડલાયા,
સહી ગુસ્સા તો પૂરા, મન રે આયા.

ત્યારે ઔન સાહેબે ઘોડા ઉપર સવાર થઈને ઘોડો દોડાવ્યો, અને તેમના મનમાં ઘણો જ ગુસ્સો આવ્યો હતો.

અને ધોડા તો ડાલા, ઉસ લશ્કર માંહાં,
અનું મુબારિઝ રણમાં, માંગા રે નાંહાં.

અને ઘોડાને એ લશ્કરમાં નાખ્યો, અને તેમણે રણમાં આવીને કોઈ લડવૈયાની માગણી ન કરી.

બેગે સિત્તેર તો દુશ્મન, ફના રે કિતે,
માર શીશ તો કાટકર, લે જમીંમાં દિતે.

અને ઝડપથી ૭૦ દુશ્મનોનો નાશ કરી નાખ્યો, અને તેમને મારીને તેમનાં માથાં કાપીને જમીન પર પાડી દીધાં.

તબ હઝાર દો ને, લે કુડે રે બાએ,
તબ શમશેર લેકર, સામી અનુંને આએ.

ત્યારે બે હજાર દુશ્મનોએ આવીને તેમને ઘેરામાં લઈ લીધા, ત્યારે તેઓ તલવાર લઈને તેમની સામે આવ્યા.

કે શમશેર તલે, કહીં ફના રે કરાએ,
કે દોનું રે હઝાર, માર ખેત રે ભરાએ.

અને તલવારથી ઘણા બધા દુશ્મનોને ફના કરી દીધા, અને બે હજારને મારીને જાણે કે ખેતર ભરી દીધું.

એતે બેગેસું ચલકર, પાસ શહઝાદેકે આએ,
સો નેહ કાજ મિલનેકું, આએ રે સુણાએ.

એટલામાં ઝડપથી તેઓ ચાલીને ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા, અને એવું સાંભળ્યું છે કે મોહબ્બતના કારણે તેમને મળવા આવ્યા.

બોત જખમી હોવડે, યું શહઝાદેને આખા,
તબ ઉસ કાજે તંબુમાં, જાઓ રે દાખા

ઈમામ હુસૈન (અ.) કહેવા લાગ્યા કે તમારું શરીર ઘણું જખ્મી થઈ ગયું છે, એટલા માટે આપે કહ્યું કે તમે ખૈમામાં જાઓ.

સો ખૈમેમાં જાકર, પાટા રે બંધાહો,
અને ઘાવ હો સેતી, આરામ રે પાહો.

અને ખૈમામાં જઈને ઘા ઉપર પાટો બાંધો, અને જેથી ઘાથી તમને રાહત મળે.

એ શહઝાદેકી બાત, સુન અનુંને લિતી,
એ સુન સુન મોમિનો, એતી ચંતા રે કિતી.

ઈમામ હુસૈન (અ.)ની આ વાત તેમણે સાંભળી લીધી, આ સાંભળીને મોમિનોએ આટલી ચિંતા કરી.

રેતૂહી

ઔન માર ફોજકું ભાન કર,
આએ શહઝાદેકે પાસ રે, આએ શહઝાદેકે પાસ;
શહઝાદે કહે બેઠો સહી,
ઘાવ ભાનાને આશ રે, ઘાવ ભાનાને આશ.

ઔન સાહેબ લશ્કરને મારીને વેરવિખેર કરીને ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા, તો ઈમામ હુસૈન (અ.) કહેવા લાગ્યા કે તમે બેસો અને તમારા ઘા ઉપર પાટો બાંધો.

બયાન નં.૨૯૫

આખા બુઝુર્ગવાર, તમે ભાઈ રે મેરે,
કેહવે ઔન મુજે જંગમાં, જાને દો રે સવેરે.

ઔન સાહેબ કહેવા લાગ્યા કે તમે તો મારા ઈજ્જતદાર ભાઈ છો. તમે મને જલ્દીથી જંગમાં જવાની રજા આપો.

હેં સોગંદ તમુંકું, દાદે તમારે હો કેરી,
કે જંગકી રાહા, ના બંધાહો મેરી.

હું તમને તમારા દાદા રસૂલલ્લાહ (સ.) ની કસમ આપું છું કે તમે મારા જંગનો રસ્તો ન રોકો.

કેહવે આશ હો સેતી, વખત મેરા હેં પોંચાયા,
અને હૌઝે કૌસરકા પ્યાલા, હેં મુજે રે દેખાતા.

કહેવા લાગ્યા કે ઈચ્છાઓની સાથે હવે મારો અંતિમ સમય આવી ગયો છે, અને મને હૌઝે કૌસરનો પ્યાલો દેખાઈ રહ્યો છે.

વે કૌસરકે શરાબસું, હેં પૂરા રે ભરીયા,
હાથ મેરે હેં દેતે, એ નજરું પડીયા.

અને તે કૌસરના જામથી પૂરેપૂરો ભરેલો છે, અને તે મારા હાથમાં આપે છે એ હું મારી નજરે જોઈ રહ્યો છું.

મેં ચાહતા હું કે સિતાબી, વે પીઉં રે પાની,
એતી ઔનને શહઝાદેસું, બાત કહી રે જાની.

હું ઈચ્છું છું કે જલ્દીથી તે કૌસરનું પાણી

પીઉં, આટલી ઔન સાહેબે ઈમામ હુસૈન (અ.) ને વાત કરી.

તબ શહઝાદેને અનુંકું, રજા રે દિલાઈ,
ફિર રણ માંહેં આવ કર, કિતી રે લડાઈ.

ત્યારે ઈમામ હુસૈન (અ.)એ તેમને રજા આપી, અને ફરીથી રણમેદાનમાં આવીને લડાઈ કરી.

તબ હઝાર હઝારકી, ફોજાં આઈ કહી,
અનું માર માર ભાની, વે ફોજાં રે લહી.

ત્યારે હજાર હજારનાં લશ્કર કેટલાંય તેમની સામે આવ્યાં, તો તેમણે એ લશ્કરોને મારીને વેરવિખેર કરી નાખ્યાં.

તબ જખ્મી અનુંકી, બોત હુઈ રે ઝાતા,
તબ શહીદ હોવડે, સુની એ બાતા.

ત્યારે તેમના શરીર ઉપર ઘણા બધા ઘા લાગેલા હતા, એટલામાં ઔન સાહેબ શહીદ થયા, એવી વાત સાંભળવા મળી.

આએ અનું બાજ જાફર, બિન અલી રે કહીએ,
સુનો ઔન હો કેરે, ભાઈ સગે રે લહીએ.

ઔન સાહેબના પછી કે જે જાફર બિન અલી (અ.) કહેવામાં આવે છે. સાંભળો કે તે ઔન સાહેબના સગા ભાઈ થતા હતા.

એ ઓરમાઈ ભાઈ, શહઝાદેકે જાનો,
એ સુન સુન મોમિનો, નત એતના આનો.

જાણી લો કે જાફર બિન અલી (અ.) કે જે ઈમામ હુસૈન (અ.)ના ઓરમાન ભાઈ હતા. આ સાંભળીને મોમિનો દરરોજ આટલું કહો,

રેતૂહી
જે ચાવે સોહી કરે,
એસા રબ હેં માન રે, એસા રબ હેં માન;
દુનિયા દુઃખ દે મીતકું,
કરે હેં બુઝુર્ગ શાન રે, કરે હેં બુઝુર્ગ શાન.

અલ્લાહ તઆલા જે ઈચ્છે છે, તે કરે છે, એવો આપણો પરવરદિગાર છે એવું તું માની લે, દુનિયામાં તેના દોસ્તને મુસીબત પહોંચાડે છે, પરંતુ તેની ઈજ્જતમાં વધારો કરે છે.

લગ્ન-વિષયક

ઈકરામહુસૈન ઇમદાદઅલી અધારીયા



ઉંમર
૨૨ વર્ષ

ગામ
શેરપુરા

વ્યવસાય ઇન્ટેરીઅર ડીઝાઇનર

સંપર્ક

ઈમદાદઅલી અબ્બાસભાઈ અધારીયા
મો. ૯૯૯૮૭ ૫૪૪૨૮
નાદિરઅલી અબ્બાસભાઈ અધારીયા
મો. ૯૭૨૪૬ ૪૬૪૭૮

pure fusion

KIDZORA

Protein & Nutritious Drink Mix



નટ્સ, સીડ્સ, મિલેટ્સ અને નેચરલ સ્વીટનર (ખજૂર, ગોળ & મીશ્રી) માંથી બનાવેલ

કીડઝોરા

બાળકો માટે શ્રેષ્ઠ નેચરલ ન્યુટ્રીશિયસ પ્રોટીન પાવડર

ફાયદા:

- શરીરની વૃદ્ધિ અને શક્તિમાં વધારો કરે છે
- રોગપ્રતિકારક શક્તિ વધારે છે
- મગજના વિકાસમાં મદદરૂપ
- સ્વચ્છ અને કુદરતી પોષણ
- સ્વસ્થ પાચનને પ્રોત્સાહન આપે છે

34 Vital Nutrients

6.10 g Protein per serving

અમારી દરેક પ્રોડક્ટ્સ **તઅજ્જુક સ્ટોર** છાપી અને સિદ્ધપુર પર ઉપલબ્ધ છે.

+91 9326934440 www.thepurefusion.com care@purefusion.in / purefusion

میر انیسؔ مرثیہ

મીર અનીસના મરસિયા



મરસિયા–૨૦ (ગતાંકનું ચાલુ) مرثیہ-۲۰

زوجۂ یزید ہند کا قید خانے میں آکر اسیرانِ اہلِ بیتؑ کی حالتِ زار پر اشکبار ہونا

યઝીદની પત્ની હિન્દનું કેદખાનામાં આવીને અસીરાને અહલેબૈત (અ.)ની ખરાબ હાલત પર રડવું

دل ہند کا تو رُندھ گیا تھرّا گیا جگر
بولی ٹھہر کے ڈیوڑھی پہ یہ قبر ہے کہ گھر
دیکھا نہیں مکاں کوئی تاریک اس قدر ۲۹
پوچھو کوئی کسی سے کہ ہیں بیبیاں کدھر
ایسا بھی ظلم کرتا ہے کوئی جہان میں
بندے خدا کے بند ہیں ایسے مکان میں

(હિન્દનું દિલ રંજ અનુભવવા લાગ્યું, અને કાળજું ફફડવા લાગ્યું. કેદખાનાના આગળના ભાગ પર ઊભી રહીને હિન્દે કહ્યું કે, “આ કબ્ર છે કે ઘર? આટલું બધું અંધકારમય મકાન તો મેં કદી જોયું નથી. કોઈ પૂછી જુઓ કોઈને કે બીબીઓ ક્યાં છે? દુનિયામાં શું આવો પણ જુલ્મ કોઈ કરે છે ખરો? ખુદાના બંદાઓને આવા મકાનમાં કેદ કરેલા છે!”)

بڑھ کر کسی کنیز نے تب یہ کیا بیاں
بی بی کوئی اسیروں میں زندہ نہیں ہے یاں
چلیے محل میں آپ بھلا جائیں گی کہاں ۳۰
قابل نہیں حضور کے جانے کا یہ مکاں
گر غش ہوئے تو آپ میں آیا نہ جائے گا
ہم سے تو اس خرابے میں جایا نہ جائے گا

(આગળ વધીને કોઈ કનીઝે (હિન્દને) ત્યારે એવું કહ્યું કે, “કેદીઓમાં અહીં કોઈ પણ બીબી જીવતી નથી.

તમે મહેલમાં પાછાં ચાલો. તમે ભલા કયાં જશો? તમારા જેવી (સન્માનિત ઔરત) માટે આ જગ્યા લાયક નથી. જો તમને ગશ આવી જશે તો પછી હોશમાં નહીં આવી શકો, અમારાથી તો આ વીરાન (જગ્યા) માં જઈ શકાશે નહીં.")

آزردہ ہو کے کہنے لگی ہندِ نوحہ گر　　عبرت کا ہے مقام اے لونڈی خدا سے ڈر
آخر جو اس میں قید ہیں وہ بھی تو ہیں بشر　　٣١　　تاراج یوں جہاں میں نہ ہووے کسی کا گھر

جانے وہی کلیجے پہ جس کے چُھری لگے
ایسی نہ بات کہہ کہ خدا کو بُری لگے

(નાખુશ થઈને નૌહાગર હિન્દ (તે કનીઝને) કહેવા લાગી, "આ ઈબ્રત લેવાનો સમય છે, અય કનીઝ! તું અલ્લાહથી ડર. છેવટે તો જે અહીં કેદ છે તે પણ માણસ જ છે. દુનિયામાં કોઈનું પણ ઘર આ રીતે બરબાદ ન થાય. આ (દુ:ખ) તો એ માણસ જ સમજે છે કે જેના કલેજા પર છરી ફરી હોય. એવી વાત ન કર કે જે અલ્લાહને ન ગમે.")

یہ بات کہہ کے آگے بڑھی وہ بصد الم　　اک آفتابِ دیں نظر آیا اسیرِ غم
حلقہ گلے میں طوق کا زنجیر میں قدم　　٣٢　　بولی ٹھہر کے وہ کہ زہے شوقت و حشم

انساں ہے یہ اندھیرے میں یا شمعِ طور ہے
آئی ندائے غیب کہ خالق کا نور ہے

(આટલી વાત કરીને તે (હિન્દ) દુ:ખી હાલતમાં આગળ વધી. એક ગમના અસીર (મુસીબતમાં ઘેરાયેલા) એવા દીનના સૂરજ પર તેની નજર પડી. તેના ગળામાં તૌકનો હલ્કો હતો, અને પગ સાંકળોમાં હતા. રોકાઈ જઈને તે બોલી કે, "આ કેવો વૈભવ અને જાહોજલાલી છે, અંધારામાં આ ઈન્સાન છે કે તૂરની જ્યોત છે?" (તો) ગેબથી અવાજ આવ્યો કે, "આ તો સર્જનહારનું નૂર છે.")

پڑھتی ہوئی درود گئی جب قریب تر　　اللہ رے حسن کرنے لگی خیر کی نظر
غُل عورتوں میں تھا یہ فرشتہ ہے یا بشر　　٣٣　　اُترا ہے آسماں سے خرابے میں یا قمر

رتبے میں ہے بزرگ نسب میں جلیل ہے
ثابت ہے ضعف سے کہ نہایت علیل ہے

(દુરૂદ પઢતાં પઢતાં (હિન્દ) જ્યારે વધારે નજીક ગઈ, અલ્લાહ અલ્લાહ કેવું હુસ્ન છે! (કહીને) ભલાઈની નજર કરવા લાગી. સ્ત્રીઓમાં એવો શોર હતો કે આ ફરિશ્તો છે કે માણસ? આસમાનથી આ વીરાન જગ્યામાં ચંદ્ર ઊતરી આવ્યો છે કે શું? રુતબામાં બુઝુર્ગ છે, નસબમાં જલીલ (પ્રતિષ્ઠિત) છે. કમજોરીથી તો એવું લાગે છે કે તે ખૂબ જ બીમાર છે.)

کوئی بلائیں لے کے یہ کہتی تھی بار بار — اے بیکس و اسیر و بلاکش ترے نثار
ہے ہے گلا یہ چاند سا اور طوقِ خاردار — یہ گوری گوری پنڈلیاں زنجیر سے فگار ۳۴
لوگو بزرگ اس کے مقرر امیر ہیں
گویا جنابِ یوسفؑ کنعاں اسیر ہیں

(કોઈ બલાઓ લઈને વારંવાર એવું કહેતી હતી કે, "અય નિરાધાર અને કેદી અને વિપત્તિઓને સહન કરનારા! તારા પર કુરબાન થઈ જાઉં. હાય હાય! આ ચાંદ જેવું ગળું અને કાંટાવાળો તૌક! આ ગોરી ગોરી પિંડલીઓ સાંકળોથી જખ્મી છે! અય લોકો! તેના વડવાઓ ચોકકસપણે અમીર (સરદાર) છે. (એવું લાગે છે) જાણે કે કિન્આનના જનાબે યૂસુફ (અ.) (પોતે) કેદી છે.")

بولی کوئی کہ عابد و زاہد ہے یہ جواں — گٹھا جبیں پہ کثرتِ طاعت کا ہے نشاں
ایماں کا نُور چہرۂ انور سے ہے عیاں — دیکھا نہیں حیا سے کہ ہیں کون بیبیاں ۳۵
برحق شریف قوم یہ گردوں اساس ہے
اشراف کو ہر ایک کی حُرمت کا پاس ہے

(કોઈ બોલ્યું કે, "આ જવાન ઈબાદતગુઝાર અને ઝોહદ ઈખ્તિયાર કરનારા છે. તેના કપાળ ઉપરનો ગટ્ઠો વિપુલ પ્રમાણમાં કરેલી ઈતાઅતની નિશાની છે. ઈમાનનું નૂર નૂરાની ચહેરાથી જાહેર થાય છે. (તેણે) હયાના કારણે જોયું પણ નહીં કે આ બીબીઓ કોણ છે. હકની સાથે આ ઉચ્ચ દરજ્જાની શરીફ કોમ છે. (આ કોમના) શરીફોને દરેક લોકોની હુર્મતનું ધ્યાન છે.)

Powering Stability, Securing Energy

ADVANCE POWER

એડવાન્સ પાવર

તમારી દરેક પાવર જરૂરિયાત માટે વિશ્વસનીય ઉકેલ

ઘર, ઓફિસ, વ્યવસાય અને ઉદ્યોગ માટે વિશ્વસનીય પાવર સોલ્યુશન્સ.

એડવાન્સ પાવર દ્વારા સ્ટેબિલાઇઝર્સ, યુપીએસ સિસ્ટમ્સ, ઇન્વર્ટર્સ અને બેટરીઝની વિશાળ શ્રેણી આધુનિક ટેક્નોલોજી, ઉત્તમ કાર્યક્ષમતા અને વિશ્વસનીય સુરક્ષા સાથે.

ઓથોરાઇઝ્ડ ડિસ્ટ્રિબ્યુટર AMAZE INVERTERS BATTERIES SOLAR



એડવાન્સ પાવર સોલ્યુશન્સ
બી-૨૭, ઓર્ચિડ કોમ્પ્લેક્સ, પીરોજપુરા રોડ,
છાપી,બનાસકાંઠા – ૩૮૫૨૧૦, ગુજરાત.

96627 58052
901 691 5489

myadvancepower.com

/advancepower

سیرت ائمہ اہلبیتؑ

સીરતે અઇમાએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

હઝરત અલી (અ.) હજ્જતુલ વિદાઅના સમયે

ઈબ્ને જૌઝીએ 'તઝકિરતુલ ખવાસ'માં લખ્યું છે કે સીરતના આલિમો આ વાતે સહમત છે કે ગદીરે ખુમની ઘટના ૧૮ ઝિલ્હજે રસૂલે અકરમ (સ.)ની હજ્જતુલ વિદાઅથી પાછા ફરવાના સમયે થઈ જ્યારે કે રસૂલે અકરમ (સ.)ની સાથે એક લાખ વીસ હજાર સહાબીઓ હતા, તે બધાએ હઝરત અલી (અ.)ના વિષે રસૂલે અકરમ (સ.)નું તે ફરમાન સાંભળ્યું કે જે ચોખ્ખું અને સ્પષ્ટ હતું અને તેમાં કોઈ કટાક્ષ અને ઈશારો ન હતો.

તે વધુમાં કહે છે, અબૂ ઈસ્હાક સઅલબીએ તફ્સીરમાં પોતાની સનદોથી જણાવ્યું છે કે જ્યારે રસૂલે અકરમ (સ.)એ અલી (અ.)ની વિલાયતની જાહેરાત કરી દીધી, તો આ વાત બધી બાજુએ ફેલાઈ ગઈ અને બધા પ્રદેશોમાં પ્રખ્યાત થઈ ગઈ. તેની જાણ હારિસ ઈબ્ને નોઅમાન ફહેરીને પણ થઈ. તે પોતાની ઊંટડી ઉપર સવાર થઈને મદીના પહોંચ્યો. પછી ઊંટડીને મસ્જિદે નબવીના દરવાજા ઉપર રોકીને અંદર આવ્યો અને કહેવા લાગ્યો, "અય મોહંમદ! આપે અમને હુક્મ આપ્યો અને અમે આ ગવાહી આપી કે અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ નથી અને એ કે આપ અલ્લાહના રસૂલ છો. અમે આ કબૂલ કરી લીધું. પછી આપે અમને હુક્મ આપ્યો કે દિવસે અને રાત્રે પાંચ નમાઝો પઢો, રમઝાન મહીનામાં રોઝા રાખો, ખાનાએ કા'બાની હજ કરો અને પોતાના માલમાંથી ઝકાત આપતા રહો. અમે આપની આ વાત પણ માની લીધી, પરંતુ આપ એટલાથી રાજી ન થયા એટલે સુધી કે હવે આપે આપના પિતરાઈ (કાકાના દીકરા)ની બગલોમાં હાથ નાખીને તેમને ઊંચા કર્યા, તેમને સૌ લોકોમાં શ્રેષ્ઠ ઠેરવ્યા અને કહી દીધું કે જેનો હું મૌલા છું, તેનો આ અલી (અ.) પણ મૌલા છે. શું આ અમલ આપના તરફથી છે કે અલ્લાહના તરફથી છે?"

તેથી રસૂલે અકરમ (સ.)ની આંખો લાલ થઈ ગઈ અને આપ (સ.)એ ફરમાવ્યું,

"કસમ તે અલ્લાહની કે જેના સિવાય કોઈ

માઅબૂદ નથી! આ મારા તરફથી નથી, અલ્લાહ તરફથી છે." રસૂલે અકરમ (સ.)એ આ વાતને ત્રણ વાર કહી. તેથી હારિસ આવું કહેતો ઊભો થયો કે અય અલ્લાહ! જે કાંઈ મોહંમદ (સ.) કહી રહ્યા છે, જો તે હક છે, તો મારા ઉપર આસમાનથી પત્થર પાડી દે અથવા મને દર્દ આપનાર અઝાબ આપ. તેથી અલ્લાહની કસમ, તે તેની ઊંટડી સુધી પહોંચ્યો પણ ન હતો કે અલ્લાહ તરફથી એક પત્થર તેના માથા ઉપર પડ્યો અને તેની ગુદાથી નીકળી ગયો અને તે ત્યાંને ત્યાં જ ઢળી પડ્યો. ત્યારે અલ્લાહે સૂરા મઆરિજની આ આયત નાઝિલ કરી:

سَاَلَ سَآئِلٌۢ بِعَذَابٍ وَّاقِعٍۙ لِّلْكٰفِرِيْنَ لَيْسَ لَهٗ دَافِعٌ

(એક સવાલ કરનારાએ (કાફીરો માટે) અઝાબની માંગણી કરી જે આવીને જ રહેશે. તેને કાફિરો પર કોઈ ટાળી શકશે નહીં.)

(સૂરા મઆરિજ, આયત–૧, ૨)

(કુરઆનનો તરજુમો કરનાર મૌલાના ફરમાનઅલી સાહેબ અને અન્વારુલ કુરઆનનો તરજુમો કરનાર સૈયદ ઝીશાનહૈદર જવાદી સાહેબે અને બીજા કુરઆનની પ્રતમાં સૂરા મઆરિજને મક્કી લખવામાં આવ્યો છે. તેના ઉપરથી سَاَلَ سَآئِلٌۢ بِعَذَابٍ وَّاقِعٍની આયત નોઅમાન ઈબ્ને હારિસ ફહેરીની ઘટનાથી મેળ ખાતી નથી, કેમ કે આ ઘટના મદીનામાં બની હતી, પરંતુ અલ્લામા મોહંમદ હુસૈન તબાતબાઈએ તફ્સીરે મીઝાનમાં લખ્યું છે કે તે સૂરાનો અંદાજ મક્કી સૂરાઓથી મળતો આવે છે, પરંતુ وَالَّذِيْنَ فِيْٓ اَمْوَالِهِمْ حَقٌّ مَّعْلُوْمٌ ની આયત કે જેનો અર્થ ઝકાત છે, લાગે છે કે આ સૂરો મદની છે અને બુદ્ધિ પણ તે વાતની સહમતી આપે છે. કેમ કે ઝકાત હિજરત પછી મદીનામાં ફર્ઝ થઈ હતી. કેટલીક અપવાદરૂપ આયતોને છોડીને આગળની આયતો પણ આ સૂરાને મદની જણાવે છે તે દૃષ્ટિએ કે સૂરા મઆરિજ મક્કી નથી, પરંતુ મદની સૂરો છે અને سَاَلَ سَآئِلٌۢ بِعَذَابٍ وَّاقِعٍની આયત નોઅમાન ઈબ્ને હારિસ ફહેરી ઉપર બંધ બેસે છે અને તે ઘટનાની રિવાયત બનાવટી નથી. (રિઝવાની))

આના પછી તે કહે છે કે રસૂલે અકરમ (સ.) નું આ ફરમાન કે જેનો હું મૌલા છું, તેના વિષે અરબના આલિમો કહે છે કે એક દૃષ્ટિએ મૌલાનો અર્થ માલિકનો થાય છે. તેની સરખામણીએ અલ્લાહ તઆલાનો કોલ છે કે;

اللّٰهُ مَثَلًا عَبْدًا مَّمْلُوْكًا لَّا يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّهُوَ كَلٌّ عَلٰى مَوْلٰىهُ

(અલ્લાહ એક ઉદારણથી બતાવે છે કે એક ગુલામ છે કે જે બીજાની માલિકીમાં છે તે કોઈ વસ્તુ પર કુદરત ધરાવતો નથી. અને તે પોતાના માલિક ઉપર આધારિત હોય છે.)

(સૂરા નહ્લ, આયત–૭૫ અને ૭૬)

બીજો અર્થ مُعْتِقٌ એટલે આઝાદ કરવાવાળો,

ત્રીજો مُعْتَقٌ એટલે આઝાદ કરવામાં આવેલો,

ચોથો نَاصِرٌ એટલે મદદગાર છે. દાખલા તરીકે

અલ્લાહ તઆલાનો કોલ છે કે

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ مَوْلَى الَّذِيْنَ اٰمَنُوْا وَاَنَّ الْكٰفِرِيْنَ لَا مَوْلٰى لَهُمْ ﴿١١﴾

આ તે કારણે છે કે ઈમાનવાળાઓનો મદદગાર અલ્લાહ છે અને કાફિરોનો હરગિઝ કોઈ મદદગાર નથી.

(સૂરા મોહંમદ, આયત–૧૧)

પાંચમો અર્થ કાકાના દીકરાનો છે આ અર્થમાં કોઈના આ શે'ર છે.

مَهْلًا بَنِيْ عَمِّنَا مَهْلًا مَوَالِيْنَا
لَا تَنْبُشُوْا بَيْنَنَا مَا كَانَ مَدْفُوْنَا

રોકાઓ અમારા કાકાના દીકરા! રોકાઓ. જે વાતો અમારી અને તમારી વચ્ચે દફન થઈ ગઈ છે, તેમને ન ઉખેડો. છઠ્ઠો અર્થ મિત્રનો છે. આ અર્થમાં કોઈએ કહ્યું છે,

مَوَالِيْ حَلْفٍ لَّا مَوَالِيْ قَرَابَةٍ
وَلٰكِنْ قَطِيْنًا يَّسْأَلُوْنَ الْاَتَاوِيَا

કરારના મૌલા ન કે નિકટતાના મૌલા, પરંતુ ગુલામ કે જે ખોવાયેલી વસ્તુને શોધી રહ્યા હોય, સાતમો અર્થ તે અધિકારી કે જે કોઈ ગુનાહ અથવા વારસાની બાબતમાં જામીન હોય. આ જાહેલિયતના સમયમાં હતું. પછી વારસાની આયતોથી રદ થઈ ગયું. આઠમો અર્થ પાડોશી. પાડોશીને તે હકકોના કારણે મૌલા કહેવામાં આવે છે કે જે તેને હાસિલ હોય છે. નવમો અર્થ સૈયદ એટલે સરદાર કે જેની તાબેદારી કરવામાં આવે, તે જ મૌલાના સંબંધે અર્થ છે.

સહીહમાં કહેવામાં આવ્યું છે કે જે કોઈ બીજાની બાબતોની દેખરેખ રાખતો હોય તે જ તેનો મૌલા છે.

દસમો અર્થ ઔલા, જેમ કે અલ્લાહ તઆલાનો કોલ:

فَالْيَوْمَ لَا يُؤْخَذُ مِنْكُمْ فِدْيَةٌ وَّلَا مِنَ الَّذِيْنَ كَفَرُوْا ؕ
مَاْوٰىكُمُ النَّارُ ؕ هِيَ مَوْلٰىكُمْ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٥﴾

(આજે ન તમારાથી મહેનતાણું લેવામાં આવશે ન કાફિરોથી. તમારા બધાનું ઠેકાણું જહન્નમ છે, તે જ તમારા ઉપર પ્રભુત્વ ધરાવે છે અને તે ખરાબ ઠેકાણું છે.)

(સૂરા હદીદ, આયત–૧૫)

તે વધુમાં કહે છે કે જેમ કે જાહેર થાય છે તે હદીસમાં શબ્દ મૌલાનો અર્થ માલિકનો નથી હોઈ શકતો, કેમ કે રસૂલે અકરમ (સ.) હઝરત અલી (અ.)ના માલિક ન હતા. મૌલાનો અર્થ مُعْتِقٌ પણ નથી હોઈ શકતો, કેમ કે રસૂલે અકરમ (સ.) હઝરત અલી (અ.)ને આઝાદ કરવાવાળા પણ ન હતા. ન તેનો અર્થ مُعْتَقٌ લઈ શકાય છે કેમ કે હઝરત અલી (અ.) આઝાદ હતા. ન نَاصِرٌ હોઈ શકે છે, કેમ કે હઝરત અલી (અ.) તેની મદદ કરતા હતા જેની મદદ રસૂલે અકરમ (સ.) કરતા હતા અને તેને છોડી દેતા હતા કે જેને રસૂલે અકરમ (સ.) છોડી દેતા હતા. ન 'ઈબ્ને અમ' કેમ કે તે તો હતા જ ઈબ્ને અમ (પિતરાઈ). ન સાથીનો, કેમ કે વચન વિરોધીઓ વચ્ચે એકબીજાની મદદ

કરવા અને વિરોધથી રોકાઈ રહેવા માટે થતું રહે છે અને આ અર્થ તેમાં હાજર જ નથી. ન કોઈ ગુનાહની જામિનગીરીના અધિકારીનો કેમ કે અમે જણાવી દીધું છે કે આ અર્થ વારસાની આયતોથી રદ થઈ ગયો છે. ન પાડોશીનો કેમ કે તેનાથી શબ્દો નિરર્થક થઈ જાય છે. ન સૈયદ એટલે કે જેની તાબેદારી કરવામાં આવે છે તેવા સરદારનો કેમ કે હઝરત અલી (અ.) રસૂલે અકરમ (સ.)ના તાબેદાર હતા તે પોતાનો જીવ જોખમમાં નાખીને આપ (સ.)ને બચાવતા અને પોતાની દરેક વસ્તુથી આપ (સ.)ના માટે જિહાદ કરતા રહેતા હતા. આ રીતે તેમણે દસમા અર્થને અપનાવ્યો અને તે જ પસંદગી–પાત્ર છે. જાણે તેનો અર્થ એ થયો કે જે કોઈ ઉપર હું તેની જાતથી વધારે અધિકાર ધરાવું છું તેથી અલી (અ.) પણ તેના ઉપર તેમની જાતથી વધારે અધિકાર ધરાવે છે. તેના પછી તેમણે આ વધારો પણ કર્યો છે કે હાફિઝ અબૂ અલ ફરજ યહ્યા ઇબ્ને સઈદ સકફી અસ્બહાનીએ તેની સ્પષ્ટતા પોતાની કિતાબ 'મરઝલ બહરૈન'માં કરી દીધી છે. તેથી રસૂલે અકરમ (સ.)નો કોલ પણ દલીલ કરે છે જે હદીસની શરૂઆતમાં છે. એટલે اَلَسْتُ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ (શું હું મોમિનો ઉપર પોતે તેમની જાતથી વધારે અધિકાર નથી ધરાવતો?) પછી તે એ જ પરિણામે પહોંચ્યા છે કે આ હઝરત અલી (અ.)ની વિલાયત અને તેમની તાબેદારી સ્વીકારવાનો સ્પષ્ટ હુકમ છે.

રસૂલે અકરમ (સ.)ની છેલ્લી ક્ષણોમાં હઝરત અલી (અ.)ની ભાઈબંધી

ગદીરે ખુમમાં રસૂલે અકરમ (સ.)નું વલણ હઝરત અલી (અ.)ને પોતાના પછી ખિલાફત માટે નિશ્ચિત કરેલી બાબતમાં તેમની છેલ્લી જાહેરાત ન હતી, પરંતુ તેના પછી રસૂલ (સ.)ના જીવનના છેલ્લા દિવસોમાં જે સ્પષ્ટ જાહેરાત થઈ તે તેના અર્થમાં અગાઉની જાહેરાતોથી ઓછી ન હતી જેને રસૂલે અકરમ (સ.) યૌમુદ્દાર, તબૂક, ગદીરે ખુમ અને બીજી તકોએ ખિલાફતના માટે ચોખવટ કરતા રહેતા હતા, કેમ કે હદીસકારો અને ઇતિહાસકારો આ વાત ઉપર સહમત છે કે પોતાના જીવનના છેલ્લા દિવસોમાં રસૂલે અકરમ (સ.) હિજાઝની ઉત્તરી સરહદો ઉપર ઉસામા ઇબ્ને ઝૈદની આગેવાનીમાં એક લશ્કર મોકલવાથી વધારે કોઈ વસ્તુ ઉપર ધ્યાન આપી રહ્યા ન હતા કે જે મુસલમાનોની મોટી મોટી વ્યક્તિઓ ઉપર આધારિત હતું. જેમાં અબૂ બક્ર, ઉમર અને બીજા આબરૂવાળા મુહાજિરો અને અન્સાર શામિલ હતા. જો કે, તે સમયે ઉસામા એક નવયુવાન હતા જેમની ઉંમર ત્રણ દસકાથી વધુ ન હતી. પછી મુસલમાનોમાં તેમનાથી વધારે કૌશલ્ય રાખવાવાળા લોકો હાજર હતા કે જેઓ લડાઈઓ અને યુદ્ધોમાં અનુભવ લીધેલા હતા. આના આધારે મોટા મોટા સહાબીઓમાં અચંબો ફેલાઈ ગયો અને તે તેમની આગેવાનીમાં જવાનું ટાળી રહ્યા હતા. તેથી ક્યાંક ક્યાંકથી એવા અવાજો

પણ આવ્યા કે જેમનામાં આ માંગ કરવામાં આવી કે તેમના બદલે કોઈ બીજાને લશ્કરના સેનાપતિ નક્કી કરવામાં આવે. તેથી રસૂલે અકરમ (સ.) લોકો વચ્ચે આવ્યા, જો કે આપ (સ.)ની બીમારી ઝડપથી વધી રહી હતી. આપ (સ.)એ લોકોને સંબોધન કર્યું અને તેઓને ઉસામાની આગેવાનીમાં જવા માટે પ્રેરિત કર્યા. ત્યારે આપ (સ.)ના ચહેરા પર ગુસ્સા સિવાય ઈચ્છાની દૃઢતા પણ દેખાતી હતી. રસૂલે અકરમ (સ.)એ તે લોકોને ફરમાવ્યું, “તમે આજે તેમની આગેવાનીમાં તકરાર (વિવાદ) કરી રહ્યા છો. અલ્લાહની કસમ! તેમનાથી પહેલાં તમે તેમના બાપ (ઝૈદ ઈબ્ને હારિસા)ની આગેવાની માટે પણ વાંધો લીધો હતો. તેથી તેઓ ખરેખર તે લશ્કરની આગેવાની માટે યોગ્ય છે જે રીતે તેમના બાપ યોગ્ય હતા.” રસૂલે અકરમ (સ.) તે લોકોને લશ્કરના રવાના થવા પર અને તેની સાથે જવા ઉપર ભાર મૂકી રહ્યા હતા અને તે લોકો ટાળી રહ્યા હતા. રસૂલે અકરમ (સ.)એ તેઓને ફરમાવ્યું, “ઉસામાના લશ્કરમાં જાઓ, અલ્લાહ તેના ઉપર લાનત કરે જે ઉસામાના લશ્કરથી જુદો રહે.” (ક્રમશ:)



ફિઝાફાતેમા મંઝૂરહુસૈન
ખાણુશીયા (કનાઈ)
First Class
B.H.M.S.

જીવનદીપ કેમીસ્ટ, હિંમતનગર

શબ્બીરહસન હાસમભાઈ વિજાપુરા

જેઠીપુરા-ઝહીરાબાદ

94080 14440

એડમીનીસ્ટ્રેટર જીવનદીપ હોસ્પિટલ & ICU

સ્નેહાધીન

મો.શેરઅલી હાસમભાઈ વિજાપુરા (D-Pharm, B.A. (જાહેર વહીવટ), PGDHR.)

ડૉ.ગોપલાણીની હોસ્પિટલના પહેલા માળે,
આરોગ્યનગર, બસસ્ટેન્ડની બાજુમાં, હિંમતનગર, સાબરકાંઠા - 383001

AUTO RELAX

RELAX YOUR CAR

(વાઘરોલ વાળા)

ઓટો રિલેક્ષ | રિલેક્ષ યોર કાર

દર રવિવારે રજા રહેશે.

ટાયર | બેટરી | નાઇટ્રોઝન હવા | કાર વોશિંગ | કાર જનરલ સર્વિસ | ઓઇલ

ટ્યુબલેસ ટાયર પંચર બનાવી આપવામાં આવશે.



તમારી મનપસંદ બ્રાંડના ટાયરના ભાવ

હવે આપ ઘરે બેઠા પણ મેળવી શકો છો.

ટાયરની સાઈઝ અને ટાયરની બ્રાંડ સાથે વોટ્સ એપ કરો અને ભાવ જાણો

96 874 40 530

YOKOHAMA | Continental | BRIDGESTONE | apollo | KELLY TIRES | CEAT | GOODYEAR | MICHELIN | Firestone | JKTYRE | MRF



સંતોષકારક ઈંસ્ટોલેશન • ફિક્સ અને વાજબી ભાવ

3D કમ્પ્યુટરાઇઝ્ડ



વ્હીલ અલાઈમેન્ટ

વ્હીલ બેલેન્સીંગ

કાર વોશિંગ



- ફોમ વોશ
- ઇન્ટીરિયર ક્લીનિંગ
- પોલીશ
- સ્ટીમ વોશ
- વેક્યુમ ક્લીનિંગ

* વ્હીલ અલાઈમેન્ટ અને વ્હીલ બેલેન્સિંગ આધુનિક મશીન દ્વારા અનુભવી ટેકનિશિયનના હાથે ચોકસાઈ સાથે કરવામાં આવે છે. ગ્રાહકનો સંતોષ જ અમારી પ્રથમ પ્રાથમિકતા છે.

* શરતોને આધિન

FOR ANY INQUIRY

+91 96 874 40 530

કાકોશી ચાર રસ્તા, સર્વોદય સત ઈસબગુલ ફેક્ટરીની સામે
અમદાવાદ - પાલનપુર હાઈવે, સિધ્ધપુર -૩૮૪૧૫૧. (ગુજરાત)

અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

ઇમામ મોહંમદ ઇબ્ને અલી અલ જવાદ (અ.)

આપ (અ.)ની વફાત, તેનું કારણ, કબ્રની જગ્યા અને ઓલાદની વિગત:

આપ (અ.)ની શહાદત બગદાદમાં થઈ હતી. કારણ એ જણાવવામાં આવે છે કે ખલીફા મોઅતસિમે આપ (અ.)ને કહેવડાવ્યું કે મદીનાથી બગદાદ આવી જાઓ. તેથી આપ (અ.) હિજરી સન ૨૨૦ (ઈ.સ. ૮૩૫)માં મોહર્રમ મહીનો ખતમ થવાના બે દિવસ પહેલાં બગદાદ આવ્યા. તે જ વર્ષે ૨૯ ઝિલ્કાદ હિ.સ. ૨૨૦ના રોજ આપ (અ.)ની શહાદત બગદાદમાં થઈ ગઈ. એવું કહેવાય છે કે આપ (અ.)ની વફાત ઝેરના કારણે થઈ હતી, પરંતુ મારા મતે કોઈ રિવાયતથી આ સાબિત થતું નથી, અને હું તેની ગવાહી આપું છું.

આપ (અ.)ને ત્યાં આવેલા કુરૈશના કબ્રસ્તાનમાં દફ્નાવવામાં આવ્યા. આપ (અ.)ની કબ્ર મુબારક આપ (અ.)ના દાદા ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ની કબ્રની પાછળના ભાગમાં આવેલી છે. રેહલતના સમયે આપ (અ.)ની ઉંમર ૨૫ વર્ષ અને અમુક મહીનાની હતી. આપ (અ.)ના અલ્કાબમાંથી મુન્તજબ (અલ્લાહે પસંદ કરેલા) અને મુર્તઝા (અલ્લાહને રાજી કરનાર) છે.

આપ (અ.)ને ફક્ત બે ફરઝંદ હતા. (૧) અલી (અ.), કે જેઓ આપ (અ.)ના પછી ઈમામ થયા અને (૨) મૂસા. આપ (અ.)ને બે બેટીઓ પણ હતી, ફાતેમા અને અમામા.

ઈમામ અલી ઈબ્ને મોહંમદ અલ–હાદી (અ.)

આ બયાન અબૂ જાફર મોહંમદ ઈબ્ને અલી (અ.) પછીના ઈમામ (અ.) વિષે છે, જેમાં આપ (અ.)ની વિલાદતની તારીખ, આપ (અ.) ની ઈમામતની દલીલો, આપ (અ.) વિષેની રિવાયતોનો એક સંક્ષિપ્ત પરિચય, આપ (અ.) ની ઈમામતનો સમયગાળો, અને આપ (અ.)ની ઉંમરનું વર્ણન છે. આમાં આપ (અ.)ની વફાત, તેનું કારણ, આપ (અ.)ની કબ્ર મુબારકનું સ્થળ, અને આપ (અ.)ની ઓલાદની સંખ્યા અને તેમના વિષેની અમુક રિવાયતોનો સમાવેશ થાય છે.

ઈમામ અબૂ જાફર મોહંમદ ઈબ્ને અલી

અલ–જવાદ (અ.) પછી આપ (અ.)ના ફરઝંદ અબુલ હસન અલી ઈબ્ને મોહંમદ અલ–હાદી (અ.) ઈમામ થયા, કારણ કે ઈમામતના બધા ગુણો આપ (અ.)માં જોવા મળતા હતા, અને આપ (અ.)ની ફઝીલત કમાલના દરજ્જે હતી. આપ (અ.) પોતાના વાલિદના સાચા વારસદાર હતા. આપ (અ.)ના વાલિદ પછી ઈમામતની જવાબદારી માટે આપ (અ.) સિવાય બીજો કોઈ યોગ્ય હકદાર ન હતો, એટલા માટે આપ (અ.)ના વાલિદ દુનિયાથી રહેલત ફરમાવી ગયા તે પહેલાં આપ (અ.)ની નિમાણૂક કરી કે આપ (અ.) પોતાના સમયના ઈમામ અને ખલીફા છે.

ઈમામ હાદી (અ.)ની વિલાદત મદીના શહેરમાં સુર્યા નામની જગ્યાએ થઈ હતી. આપ (અ.)ની વિલાદત હિ.સ. ૨૧૨માં (ઈ.સ. ૮૨૮માં) ઝિલ્હજ મહીનામાં થઈ હતી. આપ (અ.)ની શહાદત સામર્રામાં રજબ મહીનામાં હિ.સ. ૨૫૪માં (ઈ.સ. ૮૬૮માં) થઈ હતી. જ્યારે આપ (અ.)એ દુનિયાથી રહેલત કરી, તો તે સમયે આપ (અ.)ની ઉંમર એકતાલીસ વરસ અને થોડા મહીનાની હતી. મુતવક્કિલે આપ (અ.)ને સંદેશો મોકલ્યો હતો કે મદીનાથી આપ (અ.) યહ્યા ઈબ્ને હરસ્મા ઈબ્ને અયાનની પાસે સામર્રા આવી જાઓ. આપ (અ.)ની ઈમામતની મુદત ૩૩ વરસ હતી. આપ (અ.)નાં વાલિદા એક કનીઝ હતાં, જેમનું નામ સુમાના હતું.

આપ (અ.)ની ઈમામ તરીકેની નિમણૂક વિષેની અને આપ (અ.)ની ઈમામતના બારામાં સ્પષ્ટ ઈશારાઓ કરતી કેટલીક રિવાયતો

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મને મોહંમદ ઈબ્ને યાકૂબથી, તેમણે અલી ઈબ્ને ઈબ્રાહીમથી, તેમણે તેમના વાલિદથી, અને તેમણે ઈસ્માઈલ ઈબ્ને મેહરાનની સનદથી જણાવ્યું છે કે, તેઓ કહેતા હતા કે,

અબૂ જાફર (ઈમામ જવાદ (અ.)) બે વખત બગદાદ ગયા, તેમાંથી પહેલી વાર જ્યારે બગદાદ માટે મદીનાથી નીકળ્યા, ત્યારે મેં (એટલે કે ઈસ્માઈલ ઈબ્ને મેહરાને) આપ (અ.)ને વિદાયના સમયે કહ્યું, "હું આપના પર કુરબાન થઈ જાઉં, મને આ મામલે આપના માટે ડર લાગે છે. આપના પછી આ (ઈમામતની) જવાબદારી કોના હાથમાં હશે?"

આપ (અ.)એ હસીને મારી તરફ જોયું અને મને કહ્યું, "આ વર્ષે એવું નથી જેવું તમે વિચારો છો."

જ્યારે આપ (અ.)ને અલ–મુઅતસિમે બોલાવ્યા, ત્યારે હું આપ (અ.)ની પાસે ગયો અને કહ્યું, "હું આપના પર કુરબાન થઈ જાઉં, આપ અમારી પહોંચથી દૂર જઈ રહ્યા છો. આપના પછી આ જવાબદારી કોના હાથમાં હશે?"

આપ (અ.) એટલું રડ્યા કે આપ (અ.)ની દાઢી મુબારક ભીંજાઈ ગઈ. પછી આપ (અ.) મારી તરફ ફર્યા અને કહ્યું, "આ પ્રસંગે, જ્યારે મારા માટે ભય છે, (ત્યારે તમારે જાણવું જોઈએ કે)

મારા પછી (ઈમામતની) જવાબદારી મારા ફરઝંદ અલીના શીરે છે."

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મોહંમદ ઈબ્ને યાકૂબથી, તેમણે અલ–હુસૈન ઈબ્ને મોહંમદથી, તેઓએ અલ–ખયરાનીથી, અને તેમણે તેમના વાલિદથી મને રિવાયત કરી છે:

હું (એટલે કે અલ–ખયરાનીના વાલિદ) અબૂ જાફર (અ.)ના દરવાજા પાસે રહેતો હતો, જેથી આપ (અ.)ને જ્યારે પણ મારી જરૂર પડે તો હું હાજર રહી શકું. અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઈસા અલ–અશઅરી દરરોજ રાતના અંતે પરોઢિયે અબૂ જાફર (અ.)ની બીમારીના સમાચાર જાણવા આવતા હતા. એક કાસિદ હતો જે અબૂ જાફર (અ.) અને મારા (અલ–ખયરાનીના, એટલે કે દરવાજે રહેતા રાવીના) વચ્ચે આવ–જા કરતો હતો. જ્યારે તે આવતો, ત્યારે અહમદ ઊભા થઈ જતા અને કાસિદ (મારી સાથે) ખાનગીમાં વાત કરતો.

અલ–ખયરાનીએ રિવાયત કરી છે:

એક રાત્રે, (કાસિદ) બહાર આવ્યો. અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઈસા પોતાની જગ્યાએથી ઊભા થયા. કાસિદે મારી સાથે ખાનગીમાં વાત કરવાનું શરૂ કર્યું, અને અહમદ આસપાસ આંટા મારવા લાગ્યા. તેઓ જ્યાંથી અમારી સંભળાતી હતી ત્યાં આવીને અટકી ગયા. કાસિદે કહ્યું, "તમારા મૌલાએ તમને સલામ પાઠવી છે, અને કહ્યું છે કે, હું હવે દુનિયાથી રુખ્સત થવાનો છું. હવે ઈમામતની ફરજો મારા પછી મારા બેટા અલી (અ.)ને તબ્દીલ થઈ જશે. મારા પછી તમે તેમની ઇતાઅત કરજો, બિલકુલ એવી જ રીતે કે જેવી રીતે તમે મારી અને મારા પહેલાં મારા વાલિદની ઇતાઅત કરતા રહ્યા છો."

પછી કાસિદ ચાલ્યો ગયો અને અહમદ પોતાની જગ્યાએ પાછા ફર્યા.

"તે તમને શું કહી રહ્યો હતો?" તેમણે પૂછ્યું.

"બધું બરાબર છે." મેં જવાબ આપ્યો.

"તે તેમને જે કહી રહ્યો હતો તે મેં સાંભળ્યું છે." તેમણે ભારપૂર્વક કહ્યું, અને જે સાંભળ્યું હતું તે કહી સંભળાવ્યું.

"અલ્લાહે આવું કરવાની મનાઈ ફરમાવી છે," મેં તેમને કહ્યું, "કારણ કે અલ્લાહ ફરમાવે છે: જાસૂસી ન કરો (સૂરા હોજોરાત, આયત–૧૨). પણ, જો કે, હવે તમે આ વાત સાંભળી લીધી છે, તો આ ગવાહીને યાદ રાખજો. કદાચ એક દિવસ આપણને તેની જરૂર પડશે, પરંતુ સાવચેત રહેજો કે યોગ્ય સમય ન આવે ત્યાં સુધી તેને જાહેર ન કરતા."

જ્યારે સવાર થઈ, ત્યારે મેં તે સંદેશનું લખાણ દસ પત્રોમાં લખ્યું. મેં તેમના પર મહોર લગાવી, અને તે અમારા દસ મુખ્ય સાથીઓને વહેંચી દીધા. મેં કહ્યું, "જો હું આને તમારી પાસેથી પરત માગું તે પહેલાં મને મોત આવી જાય, તો તેને ખોલી નાખજો અને તેમાં જે લખ્યું છે તેનાથી વાકેફ થઈ

જજો."

જ્યારે અબૂ જાફર (ઈમામ) જવાદ (અ.)ની શહાદત થઈ, ત્યારે તે સમય સુધી હું મારા ઘરમાંથી બહાર ન નીકળ્યો, જ્યાં સુધી મને તે ખબર ન પડી ગઈ કે બધા વડીલ શીઆઓ મોહંમદ ઈબ્ને ફરજના ઘરે ઈમામતના પ્રશ્ન ઉપર ચર્ચા કરવા માટે ભેગા થયા છે. મોહંમદ ઈબ્ને ફરજે મને આ લખાણ મોકલ્યું હતું કે, "જો આ રહસ્ય ખૂલી જવાનો ડર ન હોત, તો હું સાંજે શીઆ વડીલો સાથે તમારી પાસે આવત, પરંતુ હમણાં આ બાબતને ગુપ્ત રાખવાની છે. એટલા માટે બહેતર એ જ રહેશે કે તમે અમારી પાસે આવી જાઓ."

હું ઘોડા ઉપર સવાર થઈને તેમના ઘરે પહોંચ્યો. મેં જોયું કે દીની બુઝુર્ગો ત્યાં ભેગા થયા છે. હું પણ દરવાજાથી અંદર દાખલ થયો. મેં જોયું કે લોકોના ચહેરા પડી ગયેલા છે અને તેઓ મૂંઝવણમાં છે.

"તમારામાંથી કોની પાસે પત્રો હાજર છે?" મેં પૂછ્યું. "જેમની પાસે તે હાજર છે, તે પત્રો બહાર કાઢો."

તેમણે તે પત્રો બહાર કાઢ્યા.

"આ તે છે જેનો તમને હુકમ કરવામાં આવ્યો હતો." મેં કહ્યું.

તેમાંથી કેટલાકે કહ્યું, "અમે ઈચ્છીએ છીએ કે આ શબ્દોની પુષ્ટિ કરવા માટે આ બાબતમાં તમારી સાથે બીજું કોઈ પણ હોય."

"અલ્લાહ તમને તે આપશે જે તમે ઈચ્છો છો," મેં તેમને કહ્યું. "આ રહ્યા અબૂ જાફર અલ–અશઅરી (એટલે કે, અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઈસા) જેઓ મારા આ સંદેશ સાંભળવાની ગવાહી આપશે. તમે લોકો તેમને પ્રશ્ન કરી શકો છો."

લોકોએ તેમને પૂછ્યું અને તેઓ ગવાહી આપવાથી અચકાયા. મેં તેમને મુબાહલા માટે પડકાર્યા. તેઓ તેનાથી ડરી ગયા અને પછી કબૂલ્યું, "મેં તે સાંભળ્યું હતું. (આવો સંદેશ) એક માણસ માટે ખૂબ મોટું સન્માન છે, અને હું ઈચ્છતો હતો કે તે કોઈ અરબને મળે. પરંતુ મુબાહલાના પડકારના પરિણામે, ગવાહી છુપાવવાનો કોઈ રસ્તો નથી."

ત્યાર બાદ થોડા જ સમયમાં લોકોએ અબુલ હસન (અ.)ની ઈતાઅત કબૂલ કરી લીધી.

આ પ્રકારની રિવાયતો એટલી બધી છે કે તેને રજૂ કરવાથી આ કિતાબ બિનજરૂરી રીતે લાંબી થઈ જશે. અબુલ હસન (અ.)ની ઈમામત પર જમાઅતની સર્વસંમતિ હોવાથી, અને તે સમયે આપ (અ.) સિવાય અન્ય કોઈએ ઈમામતનો દાવો ન કર્યો હોવાથી આપ (અ.)ની ઈમામતના બારામાં કોઈ શંકાને સ્થાન નથી રહેતું. એટલા માટે આપ (અ.)ની નિમાણૂકના બારામાં જે રિવાયતો ઉપર આપવામાં આવી છે તે કાફી છે.

ઈમામ હાદી (અ.)ની ઈમામતના બારામાં દલીલો, આપ (અ.) વિષેની રિવાયતો, આપ (અ.)ની હુજ્જત અને તેમના ખુલાસાઓનો એક ચિતાર

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મને

મોહંમદ ઈબ્ને યાકૂબથી, તેમણે અલ–હુસૈન ઈબ્ને મોહંમદથી, તેમણે મુઅલ્લા ઈબ્ને મોહંમદથી, તેમણે અલ–વશ્શાથી, અને તેમણે ખયરાન અલ–અસ્બાતીથી રિવાયત કરી છે, જેમણે કહ્યું છે:

હું (એટલે કે, ખયરાન અલ–અસ્બાતી) મદીનામાં ઈમામ હાદી (અ.)ની પાસે ગયો. આપ (અ.)એ મને પૂછ્યું, "અલ–વાસિકના શું સમાચાર છે?" (વાસિક બની અબ્બાસનો એક ખલીફા હતો.)

"હું આપના પર કુરબાન થઈ જાઉં," મેં જવાબ આપ્યો, "મેં તેને સારી તબિયતમાં છોડ્યો હતો, પરંતુ — જો કે, હું તેના સંપર્કમાં રહેનારા સૌથી નજીકના લોકોમાંનો એક છું — મારો તેમની સાથે છેલ્લો સંપર્ક દસ દિવસ પહેલાં થયો હતો."

"મદીનાના લોકો કહે છે કે તે મરી ગયો છે," આપ (અ.)એ મને કહ્યું.

જ્યારે આપ (અ.)એ મને કહ્યું કે, "લોકો કહી રહ્યા છે,'' ત્યારે હું સમજી ગયો કે આપ (અ.)નો અર્થ પોતાના વિષે હતો. પછી આપ (અ.)એ મને પૂછ્યું, "જાફર (એટલે કે, મોઅતસિમના દીકરા અલ–મુતવક્કિલ)નો શું હાલ છે?"

"મેં તો તેને જેલમાં અત્યંત ખરાબ હાલતમાં છોડ્યો હતો," મેં કહ્યું.

"હવે તો તે જ સત્તા પર છે," આપ (અ.)એ મને કહ્યું.

"ઈબ્ને ઝય્યાત (વાસિકનો મંત્રી) શું કરી રહ્યો છે?" આપ (અ.)એ મને પૂછ્યું.

"લોકો તેની સાથે છે, અને સત્તા પણ તેની છે," મેં જવાબ આપ્યો.

"હવે તો તેના માટે બદનસીબી છે," આપ (અ.)એ કહ્યું. પછી આપ (અ.) શાંત થઈ ગયા. આપ (અ.)એ મને કહ્યું, "ખયરાન, અલ્લાહના ફૈસલા અને તકદીરથી કોઈ બચી શકતું નથી. અલ–વાસિક મરી ગયો છે. જાફર અલ–મુતવક્કિલ (તખ્ત પર) બેઠો છે, અને ઈબ્ને ઝય્યાતને કતલ કરી દેવામાં આવ્યો છે."

"ક્યારે?! હું આપના પર કુરબાન થઈ જાઉં." મેં પૂછ્યું.

"તારા નીકળ્યાના છ દિવસ પછી," આપ (અ.)એ કહ્યું.

અહેસાનઅલી (ખડીયાસણવાળા)
76984 27646
94293 82586

ટેસ્ટી ઢાબા

દેશી નોન વેજ.
જમવાની ઉત્તમ સગવડ

ઓર્ડરથી જમવાનું બનાવી આપવામાં આવશે.

સિધ્ધપુર–છાપી હાઇવે,
સનરાઇઝ ઢાબાની બાજુમાં, સિધ્ધપુર


KFB
Milcano™
भारत का अपना टेस्ट
મિલ્કેનો ડેરી
એટલે...
મધુર સ્વાદ ની
ઓળખ
Maska Dahi
TEA SPECIAL MILK
Masala Butter Milk
COW GHEE
Desi Ghee
Cooking Cream
WHITE CHOCOLATE Spread
COCOA ALMOND Spread
TAAZA milk
GOLD Milk
PROCESSED CHEESE
Delight
Malai Paneer
Dairy Cream
PASTEURISED BUTTER SALTED
Eggless MAYONNAISE
Lassi
Chocolate
Kesar
અમારી પ્રોડક્ટ્સ
દૂધ, દહીં, છાશ, બટર, પનીર, લસ્સી, કોફી, ક્રીમ, શુદ્ધ ઘી,
ગાયનું ઘી, ચીઝ, શ્રીખંડ, માયોનીઝ, ચોકલેટ અને આઈસ્ક્રીમ
KAUSERY FOOD N BEVERAGES PVT. LTD.
Survey No. 116, Village-Sadikpur, Ta-Kheralu, Mehsana, Gujarat-384325.
Mo: +91 76005 09129 | For Orders: +91 72270 78564 / 65
વ્યાપારી પૂછપરછ આવકાર્ય



اَلْبَابُ الرَّابِعُ عَشَرَ فِي الرِّيَآءِ

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: لَا تُرَآءِ بِعَمَلِكَ مَنْ لَّا يُحْيِيْ وَلَا يُمِيْتُ، وَلَا يُغْنِيْ عَنْكَ شَيْئًا، وَّالرِّيَآءُ شَجَرَةٌ لَّا تُثْمِرُ اِلَّا الشِّرْكَ الْخَفِيَّ وَاَصْلُهَا النِّفَاقُ، يُقَالُ لِلْمُرَآئِيْ يَوْمَ الْقِيَامَةِ عِنْدَ الْمِيْزَانِ: خُذْ ثَوَابَ عَمَلِكَ مِمَّنْ اَشْرَكْتَهٗ مَعِيْ، فَانْظُرْ مَنْ تَعْبُدُ وَتَدْعُوْ وَمَنْ تَرْجُوْ وَمَنْ تَخَافُ؟ وَاعْلَمْ اَنَّكَ لَا تَقْدِرُ عَلٰى اِخْفَآءِ شَيْءٍ مِّنْ بَاطِنِكَ عَلَيْهِ تَعَالٰى، وَتَصِيْرُ مَخْدُوْعًا بِنَفْسِكَ.

બાબ – ૧૪: રિયાકારી વિષે

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "તું તારા અમલનો દેખાવ એવા માણસ સામે ન કર કે જે ન જીવિત કરી શકે છે કે ન મારી શકે છે, અને ન તો કોઈ પણ વસ્તુથી તને ફાયદો પહોંચાડી શકે છે. રિયાકારી એક એવું ઝાડ છે કે જે છૂપા શિર્ક સિવાય બીજું કાંઈ પણ ફળ આપતું નથી, અને તેનું મૂળ મુનાફિકત છે. રિયાકારી કરનારને કયામતના દિવસે ત્રાજવાની સામે કહેવામાં આવશે કે, "તું તારા અમલનો સવાબ એ માણસ પાસેથી લઈ લે કે જેને તેં મારી સાથે શરીક કર્યો હતો." એટલે તું જો કે તું કોની ઈબાદત કરે છે, અને તું કોનાથી દુઆ કરી રહ્યો છે, અને તું કોનાથી આશા રાખે છે, અને તું કોનાથી ડરે છે? અને તું જાણી લે કે તું તારા બાતિનની કોઈ પણ વસ્તુને અલ્લાહ તઆલાથી છુપાવવા પર જરાય કુદરત ધરાવતો નથી, અને (આવી રીતે) તું તારા નફ્સ વડે જ ધોખો ખાનાર બની જઈશ.

قَالَ اللّٰهُ تَعَالٰى: " يُخٰدِعُوْنَ اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا ۚ وَمَا يَخْدَعُوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ۝٩"

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "તેઓ ધોખો આપે છે અલ્લાહને અને એમને પણ કે જેઓ ઈમાન લાવ્યા, પરંતુ તેઓ પોતાની જાત સિવાય કોઈને ધોખો નથી આપતા અને તેઓ સમજતા પણ નથી."[1]

وَاَكْثَرُ مَا يَقَعُ الرِّيَآءُ فِي الْبَصَرِ وَالْكَلَامِ وَالْاَكْلِ وَالشُّرْبِ وَالْمَجِيْءِ وَالْمُجَالَسَةِ وَاللِّبَاسِ وَالضَّحِكِ وَالصَّلَاةِ وَالْحَجِّ وَالْجِهَادِ وَقِرَآءَةِ الْقُرْاٰنِ وَسَآئِرِ الْعِبَادَاتِ الظَّاهِرَةِ، فَمَنْ اَخْلَصَ بَاطِنَهُ لِلّٰهِ تَعَالٰى وَخَشَعَ لَهُ بِقَلْبِهٖ، وَرَاٰى نَفْسَهُ مُقَصِّرًا بَعْدَ بَذْلِ كُلِّ مَجْهُوْدٍ وَّجَدَ الشُّكْرَ عَلَيْهِ حَاصِلًا، وَّيَكُوْنُ مَنْ [مِّمَّنْ] يُّرْجٰى لَهُ الْخَلَاصُ مِنَ الرِّيَآءِ وَالنِّفَاقِ، اِذَا اسْتَقَامَ عَلٰى ذٰلِكَ فِيْ كُلِّ حَالٍ.

મોટાભાગની રિયાકારી દૃષ્ટિમાં, વાતચીતમાં, ખાવામાં, પીવામાં, આવવામાં, બેઠકમાં, લિબાસમાં, હસવામાં, નમાઝમાં, હજમાં, જિહાદમાં, કુરઆનની કિરાઅતમાં અને બધી જાહેરી ઈબાદતોમાં થાય છે. એટલે જ તો જે પોતાના બાતિનને અલ્લાહ તઆલા માટે મુખ્લિસ કરે, અને પોતાના દિલથી તેની સામે ખાકસાર બને, અને સઘળી મહેનત પછી પણ પોતાની જાતને અક્ષમ જુએ, અને તે માટે શુક્રને પ્રાપ્ય પામી લે, અને રિયાકારી તથા મુનાફિકતથી છુટકારો પામવાની જેનાથી આશા રાખી શકાય તેવો થઈ જાય, ત્યારે જ તે સાબિતકદમ થયો આ વાત ઉપર દરેક હાલતમાં.

1 સૂરા બકરા, આયત–૯

ગડમથલ નં.૪૦૧નો ઉકેલ

આડી ચાવીઓ: (૧) મતલબ (૩) ખતરનાક (૬) લાનત (૮) ઝાર (૯) હબશ (૧૩) બરકત (૧૫) કતમીર (૧૬) કસ (૧૭) રામ (૧૮) ખાક (૧૯) દીન (૨૧) મઝહર (૨૩) મરકઝ (૨૩) દાના (૨૫) ઝમન (૨૮) નદારદ (૩૦) મદહ (૩૧) રહીમ (૩૨) યાર (૩૩) દલ **ઊભી ચાવીઓ:** (૧) મઝહબ (૨) બલા (૩) ખત (૪) રઝાલત (૫) નાર (૧૦) બરહક (૧૧) શક (૧૨) મરમર (૧૪) તકદીર (૧૫) કસમ (૧૮) ખાનદાન (૨૦) નકદ (૨૨) ઝમઝમ (૨૪) ઝકરીયા (૨૬) નાદાર (૨૮) મદદ (૨૯) નહલ (૩૧) દમ

તહ્ઝીબુલ ઇસ્લામ

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

પ્રકરણ–૩

ખાવા–પીવાના આદાબ

(૯) દાંત ખોતરવાની ફઝીલત અને તેના આદાબ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જિબ્રઈલ (અ.) હઝરત રસૂલે ખુદા (સ.) માટે મિસ્વાક, દાંત ખોતરવાની સળી અને સીંગી (હિજામામાં ખરાબ લોહી ચૂસવા માટેની જરૂરી વસ્તુ) લાવ્યા, અને અરજ કરી કે, "દાંત ખોતરવાની સળીથી દાંતોનાં મૂળ મજબૂત થાય છે અને દાંતોમાં સુધારો થાય છે, રોઝી વધે છે."" હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું છે કે, "ગુલાબની ડાળી અને દાડમની ડાળીથી દાંત ન ખોતરો કે તે બન્નેથી વાળ ખરવાની ગ્રંથિ હરકતમાં આવે છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, "જે વ્યકિત ફએ (એક પ્રકારનું લાકડું)ની સળીથી દાંત ખોતરે, તો છ દિવસ સુધી તેની હાજત પૂરી થશે નહીં." ફરમાવ્યું કે, "હઝરત રસૂલલ્લાહ (સ.) સિવાય ખજૂરના પત્તાના અને ફએના કોઈ બીજી વસ્તુ મળી જતી હતી, તેનાથી દાંત ખોતરી લેતા હતા."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "હઝરત રસૂલલ્લાહ (સ.)એ દાડમના છોડ અને ફૂલછોડ અને ફએ, આ ત્રણ લાકડાં(ની સળી)થી દાંત ખોતરવાની મનાઈ ફરમાવી છે." એમ પણ ફરમાવ્યું કે, "એનાથી વાળ ખરવાની ગ્રંથિ પેદા થાય છે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જાઉં (ટોપલી બનાવવાની લાકડી)થી દાંત ખોતરવાથી ગરીબાઈ અને મૂર્ખાઈ પેદા થાય છે."

બીજી હદીસમાં હઝરત રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે, "મહેમાનના હક્કોમાં એક આ પણ છે કે તેના માટે દાંત ખોતરવાની સળી હાજર કરો." એ પણ ફરમાવ્યું કે, "દાંત ખોતરો, કેમ કે ફરિશ્તા એનાથી વધારે કોઈ વસ્તુને દુશ્મન ગણતા નથી કે કોઈ વ્યકિતના દાંતોમાં કોઈ ખાવાનો ખોરાક જુએ."

સહીહ હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક

(અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ખોરાકનો જે ભાગ દાંતોના મૂળમાં રહી જાય, તેને ખાઈ લો અને જે દાંતના વચ્ચે રહી જાય તેને ફેંકી દો."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે કંઈ દાંત ખોતરવાથી નીકળે, તેને ન ખાઓ કે તેનાથી આંતરિક ઝખમ પેદા થાય છે."

બીજી હદીસમાં આવ્યું છે કે, "જે કંઈ દાંત ખોતરવાથી નીકળે, તેને ફેંકી દો."

મોઅતબર હદીસમાં આવ્યું છે કે, "ખાધા પછી સુઆદ (એક પ્રકારના ખુશબૂદાર ઘાસનું મૂળ) અથવા ઉસ્નાનથી અંદર–બહારથી મોઢું ધોઈ લેવું જોઈએ."

(૧૦) પાણીની ફઝીલત અને તેના પ્રકારો

મોઅતબર હદીસોમાં આવ્યું છે કે, "દુનિયા અને આખેરતમાં સૌથી બહેતર પીવાની વસ્તુ પાણી છે." હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત દુનિયાના પાણીથી પ્રસન્ન થશે, તેને ખુદા તઆલા જન્નતના શરાબથી આનંદ આપશે."

કોઈ વ્યકિતએ હઝરત (અ.)ને પૂછ્યું કે, "પાણીનો સ્વાદ કેવો છે?" આપ (અ.)એ ફરમાવ્યું, "જીવનનો."

હક તઆલા ફરમાવે છે કે, "અમે દરેક જીવને પાણીથી પેદા કર્યો, પરંતુ કાફિર ખુદા પર ઈમાન ન લાવ્યા."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી આયએ કરીમા

ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيمِ

(પછી જરૂર તમારાથી કયામતના દિવસે દુનિયાની નેઅમતોનો સવાલ કરવામાં આવશે.)

(સૂરા તકાસૂર, આયત–૮)

ની તફ્સીરમાં નકલ કરવામાં આવ્યું છે કે, "એ નેઅમતો તાજી ખજૂરો અને ઠંડું પાણી છે."

બીજી હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જમીન ઉપર બધા જ પાણીથી ઝમઝમનું પાણી બહેતર છે, અને આબે બર્હૂત કે જે યમનમાં છે તે જમીન ઉપરના બધા જ પાણીથી ખરાબ છે, કેમ કે ત્યાં કાફિરોની રૂહો ભેગી થાય છે, અને દિવસ–રાત અઝાબમાં સપડાયેલી રહે છે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "આબે ઝમઝમ જે પણ દર્દ માટે પીવામાં આવે, તેની દવા છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, "આબે ઝમઝમ દરેક રોગની શિફા છે."

બીજી રિવાયતમાં છે કે, "તેને જે હેતુ માટે પીવામાં આવે તે હેતુ પ્રાપ્ત થાય છે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું કે, "વરસાદનું પાણી પીઓ કે જે શરીરને પાક–સાફ કરે છે, અને બીમારીઓ અને દર્દોને શરીરથી દૂર કરે છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ

વરસાદમાં પડતા બરફના કરા ખાવાની મનાઈ ફરમાવી છે.

મસારિફથી રિવાયત છે કે, "એક વ્યકિત અમારા મિત્રોમાંથી મક્કા મોઅઝ્ઝમામાં બીમાર થઈને બેહાલ થઈ ગઈ. મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની સેવામાં હાજર થઈને તેની પરિસ્થિતિ વર્ણવી. આપ (અ.)એ ફરમાવ્યું કે, "જો હું તમારી જગ્યાએ હોત, તો તેને કા'બાતુલ્લાહના પરનાળા (નીકળા)નું પાણી પિવડાવી દેતો." મેં એ પાણીની શોધ કરી, પરંતુ મળ્યું નહીં. સંજોગવશાત્ એક વાદળ આવ્યું, અને ગર્જના અને ચમક પેદા થઈ. પછી વરસાદ વરસ્યો. હું એક પ્યાલો પરનાળાના પાણીથી ભરીને બીમારની પાસે આવ્યો. તેને તે પીવાની સાથે જ આરામ થઈ ગયો."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે બાળકને ગળુ પડ્યું હોય, તે બાળકના મોઢાના તાળવાને ફુરાતના પાણીથી ઉઠાવવામાં આવે, તે અમ અહલેબૈત (અ.) ના દોસ્તોમાંથી હશે." એમ પણ ફરમાવ્યું કે, "બે પરનાળાં જન્નતનાં ફુરાત નદીમાં પડતાં રહે છે." એમ પણ ફરમાવ્યું કે, "જો મારા અને ફુરાત નદીના વચ્ચે ઘણું મોટું અંતર પણ હશે, તો પણ હું શિફા પ્રાપ્ત કરવા માટે એ નદી પાસે જઈશ."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "જો હું એના પાસે રહેતો હોત, તો દરેક સવારે અને સાંજે ફુરાત નદી પર જવાનું પસંદ કરતો."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જો કૂફાવાસીઓ પોતાનાં બચ્ચાઓનાં ગળાં ફુરાતના પાણીથી ઉઠાવત, તો એમાં જરા પણ શંકા નથી કે બધાંને બધાં જ મોમિન હોત."

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "એક ફરિશ્તો દરરોજ રાત્રે આવે છે અને ત્રણ મિસ્કાલ જન્નતની મશક ફુરાતના પાણીમાં નાખી દે છે. અને કોઈ પણ નહેર પૂર્વ કે પશ્ચિમમાં એવી નથી કે જેની બરકત ફુરાતની નહેરથી વધારે હોય."

ઘણી હદીસોમાં આવ્યું છે કે, હઝરત રસૂલલ્લાહ (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "એ ગરમ પાણીથી શિફાની ઈચ્છા ન કરો કે જે પર્વતોમાં હોય છે કે જેમાંથી ગંધકની વાસ આવતી રહે છે." અને એમ પણ ફરમાવ્યું કે, "તેની ગરમી જહન્નમની ગરમીમાંથી છે."

હઝરત ઈમામ હસન (અ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું કે, "અમારી વિલાયત અને દોસ્તી બધા જ પાણી પર મૂકવામાં આવી. જે પાણીએ કબૂલ કરી લીધી, તે મીઠું અને ખુશબૂદાર થઈ ગયું અને જેણે કબૂલ ન કરી, તે ખારું અને કડવું રહ્યું."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) એ વાતને મકરૂહ ગણતા હતા કે કોઈ વ્યકિત કડવા પાણીથી અને એ પાણીથી કે જેમાં ગંધકની વાસ

આવતી હોય શિફાની ઈચ્છા રાખે.

એમ પણ ફરમાવતા હતા કે, "હઝરત નૂહ (અ.)એ તોફાનના સમયે બધાં પાણીને બોલાવ્યાં. બધાંએ હઝરત (અ.)નું કહેવું માન્યું, સિવાય કડવા અને એ પાણીએ કે જેમાં ગંધકની વાસ આવતી હતી, તેથી આપ (અ.)એ તે બન્ને પર લાનત કરી."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું કે, "મિસ્રની નાઈલ નદીનું પાણી દિલોને મૃત કરી દે છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ઠંડું પાણી તાવને દૂર કરી દે છે, કફને શાંત કરે છે, ખોરાકનું પેટમાં પાચન કરે છે." ફરમાવ્યું કે, "ઉકાળેલું પાણી દરેક દર્દ માટે નફાકારક છે, અને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડતું નથી."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું કે, "ઠંડું પાણી પીવામાં સૌથી વધારે આનંદ (આવે) છે."

હઝરત ઈમામ અલી ઈબ્ને મૂસા રઝા (અ.) એ ફરમાવ્યું કે, "એ ઉકાળેલા પાણીથી કે જેને સાત વખત ઉકાળવામાં આવ્યું હોય અને દરેક વખત વાસણ બદલી નાખવામાં આવ્યું હોય, તેવું પાણી પીવાથી તાવ જતો રહે છે, અને પગોમાં અને પિંડલીઓમાં શકિત આવી જાય છે."

ઈબ્ને અબી તીફૂર તબીબથી નકલ કરવામાં આવ્યું છે કે, "હું હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.) ની સેવામાં ગયો અને એ હઝરત (અ.)ને વધારે પાણી પીવાની મનાઈ કરી. આપ (અ.)એ ફરમાવ્યું કે, "પાણી પીવું કોઈ રીતે ખરાબ નથી. તે ખોરાકને પેટમાં હજમ કરે છે, ગુસ્સાને ઓછો કરે છે, બુદ્ધિને વધારે છે અને કફને દૂર કરે છે.""

એક બીજો શખ્સ ઈમામ જાફર સાદિક (અ.) ની સેવામાં ગયો. તે સમયે હઝરત (અ.) ખજૂર ખાઈ રહ્યા હતા, અને તેના પર પાણી પીતા જતા હતા. તેણે અરજ કરી કે, "જો આપ ખજૂર ખાધા પછી પાણી ન પીઓ, તો બહેતર છે." ઈર્શાદ ફરમાવ્યો કે, "હું ખજૂર એટલા જ માટે ખાઉં છું કે પાણીનો સ્વાદ સારો લાગે."

(૧૧) પાણી પીવાના આદાબ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે બંદો પાણી પીને હઝરત ઈમામ હુસૈન (અ.) અને તેમની અહલેબૈત (અ.) ને યાદ કરે, અને એ હઝરત (અ.)ના કાતિલો પર લાનત કરે, તો અલ્લાહ તઆલા એક લાખ નેકીઓ તેના આમાલનામામાં લખશે, અને તેના એક લાખ ગુનાહ માફ કરી દેશે, અને એક લાખ દરજ્જા બુલંદ કરશે, અને તેને એટલો બધો સવાબ મળશે જાણે કે એક લાખ બંદાઓ તેણે અલ્લાહની રાહમાં આઝાદ કર્યા અને હક તઆલા કયામતના દિવસે તેના દિલને સંતોષવાળું બનાવીને ઉઠાડશે, અને જો પાણી પીને આવું કહે તો બહેતર છે:

صَلَوَاتُ اللّٰهِ عَلَى الْحُسَيْنِ وَاَهْلِ بَيْتِهٖ وَاَصْحَابِهٖ وَلَعْنَةُ

اللّٰهِ عَلٰى قَتَلَةِ الْحُسَيْنِ وَاَعْدَآئِهٖ.

(હુસૈન (અ.), તેમની અહલેબૈત અને તેમના અસ્હાબ પર અલ્લાહના દુરૂદ થાય, અને હુસૈન (અ.)ના કાતિલો અને હુસૈન (અ.)ના દુશ્મનો પર અલ્લાહની લાનત થાય.)"

સહીહ હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "કદી એવું પણ બને છે કે એક વ્યકિત એક ઘૂંટ પાણી પીવા નથી પામતી કે ખુદા તઆલા તેના પાણી પીવામાં જ તેને જન્નતી કરી દે છે, અને તેને એવી રીતે પીવાય કે એ વ્યકિત પાણી પીવામાં થોભી જાય, અને અલ્લાહની તારીફ કરે પછી પીએ. અને હજુ તરસ બાકી હોય, પછી થોભી જાય અને અલ્લાહની તારીફ કરે પછી પીએ. ખુદાવંદે આલમ એ તારીફના કારણે જન્નત તેના પર વાજિબ કરી દે છે."

બીજી મોઅતબર હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે હઝરત રસૂલે ખુદા (સ.) પાણી પીતા, તો આ દુઆ પઢ્યા કરતા:

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ سَقَانَا عَذْبًا زُلَالًا وَّلَمْ یُسْقِنَا مِلْحًا اُجَاجًا وَّلَمْ یُؤَاخِذْنَا بِذُنُوْبِنَا

(બધી જ તારીફ એ અલ્લાહના માટે છે જે અમને સ્વચ્છ અને મીઠું પાણી પિવડાવે છે, અને ખારું અને કડવું પાણી પિવડાવતો નથી અને અમારા ગુનાહોને પૂછતો નથી.)" (ક્રમશ:)



AHAD™
SOLARTECH

સૂર્ય ઊર્જા સાથે બચતની નવી શરૂઆત


ઘર હોય કે બિઝનેસ – દરેક માટે વિશ્વસનીય સોલાર સોલ્યુશન

રેસિડેન્શિયલ સોલાર પ્રોજેક્ટ

- ₹78,000 સુધીની સબસિડીનો લાભ
- માત્ર ₹1,600 ના સરળ હપ્તેથી શરૂઆત
- સબસિડીના લાભ માટે છેલ્લી તારીખ: 31-03-2027

કોમર્શિયલ સોલાર પ્રોજેક્ટ

- NON-DCR Solar Panelsનો લાભ મેળવો
- ₹10,000 પ્રતિ kW સુધીના વધારાના ખર્ચથી બચો
- સ્કિમના લાભ માટે છેલ્લી તારીખ: 31-12-2026



+91 8140 429 440

અહદ સોલારટેક, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

વિભાગ–૧

ઈસ્લામનો પયગામ

પ્રકરણ ૪: ઈસ્લામી ધર્મશાસ્ત્ર (Theology) (કલામ)

(ગતાંકનું ચાલુ)

પ્રારંભિક પૅરિપટૅટિક્સ ફ્રિલૉસફ્રો (મશ્શાઉન)[1]

બગદાદમાં બૌદ્ધિક પ્રવૃત્તિના આ માહોલમાં કેટલાક મુસલમાન ચિંતકોએ વહી અને તર્કબુદ્ધિના સંબંધ વિષે વિચારવાનું શરૂ કર્યું, તથા ઈસ્લામી ઉપદેશોનો અરબીમાં અનુવાદિત દાર્શનિક વિચારો સાથે સુમેળ સાધવાનો પ્રયાસ કર્યો. એમનામાં સૌથી પહેલા અને અગ્રેસર 'અબૂ યાકૂબ અલ–કિન્દી' હતા, જેમને 'અરબોના ફ્રિલૉસફ્ર' કહેવામાં આવતા હતા. તેમને પ્રારંભિક પૅરિપટૅટિક્સ (મશ્શાઈ) ફ્રિલૉસફીના સ્થાપક ગણવામાં આવે છે. તેમણે પોતાનું જીવન એક પરહેઝગાર મુસલમાન તરીકે દાર્શનિક અને ધાર્મિક વિષયો પર લખવામાં વિતાવ્યું, જેમાં અલ્લાહની તોહીદ અને દુનિયાની ખિલ્કત અથવા બહુવિધતા ધરાવતી દુનિયાની ખિલ્કત વચ્ચેનો સંબંધ, તર્કબુદ્ધિ અને વહી વચ્ચેના અરસપરસ સંબંધ, અક્લનો અર્થ, ફ્રિલૉસફી અને વિજ્ઞાન વચ્ચેનો સંબંધ, તથા અન્ય ઘણા મુખ્ય મુદ્દાઓ શામિલ હતા. અલ–કિન્દી ફ્રિલૉસફ્ર અને વૈજ્ઞાનિક હતા, જેવી રીતે મોટાભાગના શરૂઆતના મહાન ફ્રિલૉસફ્રો હતા. તેઓ ઈસ્લામી ફ્રિલૉસફીના પિતા પણ છે, કેમ કે તેમણે જ પ્રથમ વખત ઈસ્લામના માળખામાં ફ્રિલૉસફીના વિષયો પર ચિંતન કર્યું અને તેને અરબી ભાષામાં લખ્યું. અરબીને દાર્શનિક અને વૈજ્ઞાનિક ચર્ચા માટે એક મહત્ત્વપૂર્ણ ભાષા તરીકે વિકસાવવામાં તેમનું મોટું યોગદાન હતું.

અલ–કિન્દી ત્રીજી ઈસ્લામી સદીમાં થઈ ગયા. બગદાદમાં મોઅતઝલીઓના પતન પછી

1 અનુવાદક–નોંધ: ઍરિસ્ટોટલની વિચારધારાને અનુસરનારા ફ્રિલોસોફ્રોને પૅરિપટૅટિક (Peripatetic) તરીકે ઓળખવામાં આવે છે. આ શબ્દનો અર્થ 'ચાલતાં–ચાલતાં શીખવવું' એવો થાય છે, કારણ કે ઍરિસ્ટોટલ ચાલતાં–ચાલતાં સંવાદ અને શિક્ષણ આપતા હતા. ઈસ્લામી પરંપરામાં આ જ વિચારધારાના અનુયાયીઓને અરબીમાં 'મશ્શા'ઈન' (Mashshāʾīn) તરીકે ઓળખવામાં આવે છે.

તેમણે જાહેરી જીવનથી દૂરી અપનાવી લીધી, અને ગુમનામીમાં તેમનું અવસાન થયું, તેથી તેમના જીવનના અંતિમ સમયગાળા વિષે આપણને કોઈ જાણકારી નથી. તેમના પછી તેમના ઘણા નિકટના શાગિર્દો તેમનો વારસો પામ્યા, જેમાંથી મોટાભાગના વૈજ્ઞાનિકો હતા, પરંતુ પરોક્ષ રીતે 'અબૂ નસ્ર ફારાબી' પણ તેમનો વારસો પામ્યા. ફારાબી ઈસ્લામના પ્રારંભિક મહાન ફિલોસફરોમાં બીજા સ્થાને હતા, તેઓ અલ–કિન્દીની જેમ બગદાદ અથવા ઈરાકથી નહોતા આવ્યા, પરંતુ ખુરાસાન અને ઓકસ નદી પરના પ્રદેશ (તુરાન) થી આવ્યા હતા. ઈસ્લામી સભ્યતાએ પેદા કરેલી મહાન પ્રતિભાઓમાંના એક એવા ફારાબી એક જ સમયે ફિલોસફર, તર્કશાસ્ત્રી, રાજકીય ફિલોસફર, ગણિતશાસ્ત્રી અને પરંપરાગત સંગીત અને બીજા ઘણા ઉલૂમના મહાન તજજ્ઞ હતા. તેમણે પોતાના જીવનનો પહેલો અડધો ભાગ 'ફરાબ'ની નજીક પોતાના વતનમાં વિતાવ્યો, પછી થોડા સમય માટે બગદાદ આવ્યા, અને પોતાના જીવનનો છેલ્લો ભાગ દમિશ્કમાં વિતાવ્યો, જ્યાં હિ.સ. ૩૩૯માં ૮૦ વર્ષની વયે તેમનું અવસાન થયું. તેમણે અરબી ભાષાને દાર્શનિક, તાર્કિક અને વૈજ્ઞાનિક ચર્ચા માટેના અનુકૂળ માધ્યમ તરીકે એક યોગ્ય બીબામાં ઢાળવાના કિન્દીના કાર્યને આગળ વધારવાનું ચાલુ રાખ્યું. તેમણે તર્કશાસ્ત્ર પર મોટી સંખ્યામાં રિસાલાઓ લખ્યા, જેમની અંદર ઍરિસ્ટોટલનાં બધાં જ તાર્કિક કાર્યો પર ટિપ્પણી કરવામાં આવી હતી. તેઓ ઈસ્લામી રાજકીય ફિલોસફીના પિતા હતા, તેમણે એક મશહૂર કિતાબ 'આરાઅ અહ્લુલ મદીનતિલ ફાઝિલા' (Opinions of the Citizens of the Virtuous City) લખી. તેમણે પ્લેટો અને ઍરિસ્ટોટલની ફિલોસફીને ઈસ્લામી તૌહીદી અકીદાની સાથે સુસંગત બનાવવાનો પ્રયાસ કર્યો. તેમણે 'કિતાબ અલ–મૂસીકલ કબીર' પણ લખી હતી, કે જે ઈસ્લામી ઇતિહાસની શરૂઆતની સદીઓના સંગીતશાસ્ત્રના મૂળભૂત સ્ત્રોતોમાંથી એક છે, અને આજે પણ તેનો એક મુખ્ય સંદર્ભ તરીકે ઉપયોગ થાય છે.

અલ–ફારાબીને ઘણી વાર 'બીજા મુઅલ્લિમ' કહેવામાં આવે છે. આ સંદર્ભમાં તેમને આપવામાં આવેલ બિરુદ 'મુઅલ્લિમ'નો અર્થ ઈલ્મની જુદીજુદી શાખાઓ શીખવનાર માણસ નથી, પરંતુ ઉલૂમોને બયાન કરનાર, તેમને વર્ગીકૃત કરનાર, તેમની હદોને નિર્ધારિત કરનાર અને તેમના એકબીજા સાથેના જોડાણને સ્પષ્ટ કરનાર માણસ છે. મુસલમાનો આ બિરુદનો ઉપયોગ આ રીતે કરતા હતા અને તેથી જ પ્લેટોના બદલે ઍરિસ્ટોટલને 'પ્રથમ મુઅલ્લિમ' કહેતા હતા, કેમ કે ઍરિસ્ટોટલે ગ્રીક શિક્ષણ માટે આવું જ કાર્ય કર્યું હતું. મુસલમાનો ફારાબીને 'બીજા મુઅલ્લિમ'

તેમની મશહૂર કિતાબ 'ફી ઈહ્સા અલ–ઉલૂમ' (On the Enumeration of the Sciences) ના કારણે પણ કહેતા હતા, જે એક પ્રભાવશાળી કિતાબ હતી, જેમાં તેમણે જુદાંજુદાં ઉલૂમોનું વર્ગીકરણ કર્યું, તથા તેમના એકબીજા સાથેના સંબંધને ઉજાગર કર્યો હતો. આ કિતાબનો પશ્ચિમી શિક્ષણ–પ્રણાલી પર પણ ઘણો પ્રભાવ હતો અને તેને ઈસ્લામી વિચારધારાના ઈતિહાસમાં એક મુખ્ય કિતાબ માનવામાં આવે છે.

ચોથી ઈસ્લામી સદી દરમિયાન બગદાદ એક મહત્ત્વપૂર્ણ દાર્શનિક કેન્દ્ર બની રહ્યું, અને મહાન તર્કશાસ્ત્રી તથા લેખક 'અબૂ સુલેમાન સિજિસ્તાની' જેવી વ્યક્તિઓએ બગદાદમાં ફિલોસફી શીખવવાનું ચાલુ રાખ્યું, પરંતુ ઈસ્લામી ફિલોસફીની પ્રવૃત્તિઓનું કેન્દ્ર વધુ ને વધુ ખુરાસાન તરફ સ્થળાંતરિત થતું ગયું. આ જગ્યા પર 'અબુલ હસન આમિરી' જેવા માણસોએ અલ–ફારાબી અને અલ–કિન્દીએ વિકસાવેલી ઈસ્લામી ફિલોસફીની પ્રારંભિક શાખાને આગળ ધપાવવાની કોશિશ કરી, જે પેરિપેટેટિક (મશ્શાઈ) ઈસ્લામી ફિલોસફી તરીકે જાણીતી થઈ. 'અલ–આમિરી'ને એક પેરિપેટેટિક (મશ્શાઈ) ફિલોસફર તરીકે 'અલ–ઈઅલામ બિ–મનાકિબ અલ–ઈસ્લામ' (Declaration of the Virtues of Islam) નામે ઈસ્લામની સૌથી પ્રભાવશાળી દલીલો રજૂ કરતી કિતાબ લખવા માટે ઓળખવામાં આવે છે, અને તેઓ અખ્લાક (નીતિશાસ્ત્ર) પરની પ્રથમ ઈસ્લામી કિતાબોમાંની એક 'અલ–સઆદા વલ–ઈસ્આદ' (On Happiness and Making Happy) લખવા માટે પણ જાણીતા છે.

જો કે, 'અબૂ અલી ઈબ્ને સિના'ના આગમનથી અલ–આમિરી અને અલ–ફારાબી પછીના અન્ય તમામ મધ્યવર્તી ફિલોસફરોનું કાર્ય ઢંકાઈ ગયું. નિશંકપણે, 'અબૂ અલી ઈબ્ને સિના' ઈસ્લામના સૌથી શ્રેષ્ઠ ફિલોસફર અને વૈજ્ઞાનિક છે, અને કોઈ પણ સભ્યતા દ્વારા પેદા કરવામાં આવેલ મહાન સાર્વત્રિક પ્રતિભાઓમાંના એક છે. ઈબ્ને સિના એવા મહાન માણસ હતા કે જેમણે પાછળની તમામ ઈસ્લામી વિચારધારા પર પોતાની છાપ છોડી છે, અને આજ સુધી ઈસ્લામનું બૌદ્ધિક જીવન તેમની બહુમુખી પ્રતિભાનો પ્રભાવ દર્શાવે છે. અલ–ફારાબીની જેમ તેઓ ખુરાસાન પ્રાંતના હતા. તેમની માતૃભાષા ફારસી હતી, જો કે, તેમની મોટાભાગની કૃતિઓ અરબી ભાષામાં લખાયેલી છે. તેઓ ક્યારેય બગદાદ ગયા ન હતા, તેમણે પોતાનું આખું જીવન પર્શિયામાં એક શહેરથી બીજા શહેરની સફર કરવામાં વિતાવ્યું. પર્શિયાના ઈતિહાસના ફિત્નાભર્યા સમયગાળા દરમિયાન તેઓ ફક્ત ૫૭ વર્ષ જીવ્યા, જે અલ–કિન્દી અને અલ–ફારાબીની તુલનામાં ઓછું છે. પરંતુ તેમની એકાગ્રતાની અસાધારણ શક્તિઓએ તેમને ફિલોસફી અને ઔષધશાસ્ત્રના ક્ષેત્રમાં

કેટલીક મહત્ત્વપૂર્ણ કિતાબો લખવાનો અવકાશ પૂરો પાડ્યો. તેઓ સોળ વર્ષની ઉંમરે જ એક મશહૂર ચિકિત્સક બની ગયા હતા અને ઘણા લોકો તેમને અત્યાર સુધીના સૌથી મહાન ચિકિત્સક માનતા હતા. પશ્ચિમી લોકોએ જ તેમને 'Prince of Physicians (ચિકિત્સકોના રાજકુમાર)' એવું બિરુદ આપ્યું હતું અને તેમની કિતાબ 'અલ–કાનૂન ફિલ–તિબ્બ' (The Canon of Medicine) ન કેવળ અત્યાર સુધીની સૌથી મશહૂર તિબ્બની કિતાબ છે, પરંતુ તે દવાની ફિલૉસફી માટે પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

ફિલૉસફીના ક્ષેત્રમાં, ઈબ્ને સિનાએ પ્રારંભિક ઈસ્લામી પૅરિપટૅટિક (મશ્શાઈ) ફિલૉસફીના અંતિમ સંશ્લેષણની રચના કરી. પૅરિપટૅટિક અથવા મશ્શાઈ ફિલૉસફી ફક્ત ઍરિસ્ટોટેલિયન હોવાના અર્થમાં મશ્શાઈ નથી. બલ્કે, તે ઈસ્લામી ઉસૂલો અને ઍરિસ્ટોટેલિયન તથા નિયોપ્લેટોનિક ફિલૉસફીનું સંયોજન છે; તે અલ્લાહની તોહીદ, નબુવ્વતની હકીકત, અકલનો ઉપયોગ અને બંદાના અલ્લાહ તરફના અંતિમ પુનરાગમન પર આધારિત ઈસ્લામી અકીદાઓ અને પ્લોટિનસ તથા ઍરિસ્ટોટલની વિચારધારાઓમાંથી ઉદ્ભવેલા દાર્શનિક સિદ્ધાંતોનું સંશ્લેષણ છે. ઈબ્ને સિનાએ અલ–કિન્દી અને અલ–ફારાબીનાં કાર્યોને અનુસરીને આ વિવિધ વિષયોનું વિશાળ સંકલન તૈયાર કર્યું, અને ઈસ્લામમાં ફિલૉસફીનો સૌથી મોટો અને નિર્ણાયક જ્ઞાનકોશ, 'કિતાબ અલ–શીફા' (The Book of Healing) લખ્યો, જે માનવ ઈતિહાસમાં એક જ વ્યકિત દ્વારા લખાયેલ સૌથી મોટો દાર્શનિક જ્ઞાનકોશ છે. આ કિતાબમાં ફક્ત ફિલૉસફી જ નહીં, પરંતુ તર્કશાસ્ત્ર, પ્રાકૃતિક વિજ્ઞાનો અને ગણિતનો પણ સમાવેશ થાય છે. તેમણે ફિલૉસફીની બીજી પણ શ્રેષ્ઠ કિતાબો લખી કે જેમાં તેમની છેલ્લી કિતાબ 'અલ–ઈશારાત વલ–તન્બિહાત' (Directives and Remarks)નો સમાવેશ થાય છે, જેમાં તેઓ પોતાની 'પૂર્વીય ફિલૉસફી (Oriental Philosophy)'ના સિદ્ધાંતો તરફ ધ્યાન દોરે છે. આ ફિલૉસફીની એક નવી વિચારધારા હતી જે તેમના જીવનના અંતમાં વિકસાવવામાં આવી, અને કેવળ તર્કના ઉપયોગ કરતાં ઈલ્હામ પર વધારે આધારિત હતી.

પૅરિપટૅટિક (મશ્શાઈ) ફિલૉસફી ઉપર હુમલો

ઈબ્ને સિના પછી, ઈસ્લામી દુનિયાના પૂર્વીય દેશોમાં 'કલામ'ના હુમલાઓના લીધે ઈસ્લામી ફિલૉસફી પર થોડા સમય માટે ગ્રહણ લાગી ગયું. આ સમયે, સલજુકો દ્વારા અબ્બાસી ખિલાફતને આપવામાં આવેલા સમર્થનના લીધે, 'કલામ'ની અશ્અરી વિચારધારાને 'ફલસફા' અથવા 'ઈસ્લામી ફિલૉસફી'ના વિરુદ્ધમાં સત્તાવાર સમર્થન મળ્યું, અને ઈસ્લામી ફિલૉસફી ધીમેધીમે અસ્ત પામતી ગઈ, ઈસ્લામી ફિલૉસફી સામે મુખ્ય હુમલો 'ગઝ્ઝાલી' તરફથી હતો, તેમનું માનવું હતું કે

ઈસ્લામી ફિલોસફરો ત્રણ મુદ્દાઓ પર ઈસ્લામના વિરુદ્ધ અભિપ્રાય ધરાવે છે. આ ત્રણ મુદ્દાઓ આ હતા: દુનિયાનું શૂન્યમાંથી સર્જન, દરેક વસ્તુ વિષે અલ્લાહનું વિગતવાર ઈલ્મ અને મઆદે જિસ્માની. તેથી તેમણે ઈસ્લામી ફિલોસફરોનાં મંતવ્યોના કારણે તેમના પર હુમલો કર્યો, અને આ હેતુ પ્રાપ્ત કરવા માટે તેમણે સૌપ્રથમ પોતાની કિતાબ 'અલ–મકાસિદ અલ–ફલાસિફા' (Purposes of the Philosophers)માં ફિલોસફરોના અભિપ્રાયોનો સારાંશ રજૂ કર્યો. ત્યાર પછી તેમણે પોતાની મશહૂર કિતાબ 'તહાફુત અલ–ફલાસિફા'માં તેમની આલોચના કરી. તેમના પછી 'અબુલ ફત્હ શહરસ્તાની' અને 'ફખ્રુદ્દીન રાઝી'એ ઈબ્ને સિના અને બીજા પ્રારંભિક પેરિપેટેટિક (મશ્શાઈ) ફિલોસફરોના વિરુદ્ધ પોતાના હુમલાઓ ચાલુ રાખ્યા. પરિણામે, પાંચમીથી સાતમી ઈસ્લામી સદી દરમિયાન ઈસ્લામી દુનિયાના પૂર્વીય દેશોમાં ઈસ્લામી ફિલોસફી લગભગ ઝાંખી પડી ગઈ, અને આ સમયે દેખાતી મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓમાં માત્ર 'અબુલ બરકાત બગદાદી' અને 'ઉમર ખૈય્યામ' હતા. 'અબુલ બરકાત બગદાદી' અસલમાં યહૂદી ફિલોસફર હતા અને દીને ઈસ્લામમાં દાખલ થયા હતા, જ્યારે બીજી મશહૂર વ્યક્તિ 'ઉમર ખૈય્યામ' કેવળ શાયર અને ગણિતશાસ્ત્રી જ ન હતા, પરંતુ ફિલોસફર પણ હતા જેઓ ઈબ્ને સિનાની વિચારધારાની ખૂબ નજીક હતા.

SINCE 1995

YF

+91 92284 15986
+91 99138 12429
+91 97140 11529

યાદગાર ફેશનવેર (ઈડર વાળા)

અલ્લાહના ફઝ્લો કરમથી, મુર્શિદની દુઆઓથી અને મોમિનોના સાથ-સહકારથી,
આપની જરૂરિયાત મુજબ

જેન્ટ્સવેર | લેડીઝવેર | ચિલ્ડ્રનવેર | હોઝીયરી | સૂટિંગ-શર્ટિંગ

લગતી નવીનતમ વેરાયટી, વાજબી ભાવે, વડાલી ખાતે નવીન ફેમિલી શો-રૂમ શરૂ થઈ ચૂકેલ છે.

શ્રીજી કોમ્પલેક્ષની સામે, મેઈન રોડ, વડાલી - 383235

ફર્મ : યાદગાર ફેશનવેર & હોઝીયરી, બસ સ્ટેશનની સામે, ઈડર

ઇન્શાઅલ્લાહ આપની એકવારની મુલાકાત યાદગાર બની રહેશે.



દુઆઓ

માહે જમાદિલ આખરના આમાલ

ત્રીજી માહે જમાદિલ આખરના આમાલ:

આ દિવસ, જનાબે ફાતેમા ઝહરા (અ.)ની વફાતનો છે કે જેમાં બે રકાત નમાઝ અને ઝિયારતે ફાતેમા (અ.) આ મુજબ પઢે.

બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી ૬૦ વખત સૂરા તૌહીદ પઢે. અને આ રીતે ન પઢી શકાય તો પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત સૂરા તૌહીદ પઢે, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા કાફેરૂન પઢે, અને સલામ પઢીને આ મુજબ ઝિયારત પઢે:

اَلسَّلَامُ عَلَيْكِ يَا سَيِّدَةَ نِسَآءِ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ عَلَيْكِ يَا وَالِدَةَ الْحُجَجِ عَلَى النَّاسِ
اَجْمَعِيْنَ، اَلسَّلَامُ عَلَيْكِ اَيَّتُهَا الْمَظْلُوْمَةُ الْمَمْنُوْعَةُ حَقَّهَا

પછી આ મુજબ પઢે:

اَللّٰهُمَّ صَلِّ عَلٰى اَمَتِكَ وَابْنَةِ نَبِيِّكَ وَزَوْجَةِ وَصِيِّ نَبِيِّكَ صَلٰوةً تُزْلِفُهَا فَوْقَ زُلْفٰى عِبَادِكَ
الْمُكَرَّمِيْنَ مِنْ اَهْلِ السَّمَاوَاتِ وَاَهْلِ الْاَرَضِيْنَ

વીસમી માહે જમાદિલ આખરના આમાલ:

આ દિવસ, જનાબે ફાતેમા ઝહરા (અ.)ની વિલાદતનો છે, જેમાં આ મુજબ આમાલ બજાવી લાવે:

(1) રોઝો રાખે.

(2) મોહતાજોને સદકો આપે.

(3) જનાબે ફાતેમા ઝહરા (અ.)ની ઝિયારત પઢે.

હઝરત જાફરે તય્યાર (અ.)ના ફરઝંદો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

હઝરત જાફરે તય્યાર

રસૂલલ્લાહ (સ.)ના સહાબી.

પરિચય:

આપ (અ.) હઝરત અબૂ તાલિબ (અ.) ના ફરઝંદ અને મૌલા અલી (અ.)ના ભાઈ હતા. મક્કાથી હબશ દેશમાં હિજરત કરી હતી, અને ત્યાંથી જંગે ખૈબર પછી મદીના તરફ હિજરત કરી હતી. આમ, આપ (અ.)ને પોતાના જીવનમાં બે હિજરતનો શરફ મળ્યો હતો.

ફઝીલત:

રસૂલલ્લાહ (સ.) એક દિવસે બહાર નીકળ્યા, અને આપ (સ.)એ મૌલા અલી (અ.)નો હાથ પકડેલો હતો, અને આપ (સ.) ફરમાવી રહ્યા હતા કે, "અય અન્સાર! અય બની હાશિમ! અય બની અબ્દિલ મુત્તલિબ! હું મોહંમદ અલ્લાહનો રસૂલ છું. જાણી લો કે મને મારા પરિવારના ચાર સદસ્યોની સાથે રહમતની માટીથી પેદા કરવામાં આવ્યો છે: હું, અલી, હમ્ઝા અને જાફર."[1]

એક વખતે રસૂલલ્લાહ (સ.)એ હઝરત જાફરે તય્યાર (અ.)ને ફરમાવ્યું કે, "તમે દેખાવ અને અખ્લાકમાં મારી સાથે સામ્યતા ધરાવો છો."[2]

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે કે, "અલ્લાહ તઆલાએ રસૂલલ્લાહ (સ.) પર વહી નાઝિલ કરી કે, "મેં જાફર ઈબ્ને અબી તાલિબની ચાર આદતોને પસંદ કરી છે." તો નબી (સ.)એ આપ (અ.)ને બોલાવ્યા અને આપ (અ.)ને આ બાબતની જાણ કરી, તો આપ (અ.) એ ફરમાવ્યું કે, "જો અલ્લાહ તબારક વ તઆલાએ આપ (સ.)ને આની જાણ કરી ન હોત, તો હું ક્યારેય આપ (સ.)ને આની જાણ ન કરતો: મેં ક્યારેય શરાબ પીધો નથી, કારણ કે હું જાણું છું કે જો હું શરાબ પીશ, તો મારી અક્લ જતી રહેશે. હું ક્યારેય જૂઠ બોલ્યો નથી, કારણ કે જૂઠ માણસાઈનો નાશ કરે છે. મેં ક્યારેય ઝિના કર્યા નથી, કારણ કે મને ડર હતો કે જો હું તે કરીશ, તો તે મારી સાથે પણ થઈ જશે. મેં ક્યારેય કોઈ બુતની ઈબાદત કરી નથી, કારણ કે હું જાણું છું કે તે કોઈ નુકસાન કે ફાયદો પહોંચાડી શકતો નથી." આટલું સાંભળીને રસૂલલ્લાહ (સ.)એ પોતાના હાથને આપ (અ.) ના ખભા મુબારક પર થપથપાવ્યો અને ફરમાવ્યું કે, "અલ્લાહ અઝ્ઝ વ જલ્લ પર એ હક છે કે તમને બે પાંખો આપે કે જેના વડે તમે ફરિશ્તાઓની સાથે

1 અલ–અમાલી, શૈખ સદૂક, સફ્હા– ૧૫૫

2 અલ–મુસ્તદ્રક અલા અલ–સહીહૈન, જિલ્દ–૩, સફ્હા–૧૨૦; અલ–મુસન્નફ, ઈબ્ને અબી શૈબા, જિલ્દ–૭, સફ્હા–૫૧૬

જન્નતમાં ઉડો.""[1]

જ્યારે ગઝવએ ખૈબરમાં રસૂલલ્લાહ (સ.)ને કામયાબી મળી, તો 'બશીર' નામના એક સહાબી આપ (સ.)ની પાસે આવ્યા અને આપ (સ.)ને જાણ કરી કે હઝરત જાફર ઈબ્ને અબી તાલિબ (અ.) આવી ચૂક્યા છે. તો નબી (સ.)એ ફરમાવ્યું કે, "હું નથી જાણતો કે કઈ બાબતે મને વધારે ખૂશ કર્યો છે: જાફરનું આવવું કે પછી ખૈબરની કામયાબી?" જ્યારે હઝરત જાફર (અ.) આવ્યા, તો નબી (સ.) આપ (અ.)ને ભેટી પડ્યા, અને પેશાની મુબારક પર બોસા આપ્યા. પછી આપ (અ.)ને 'નમાઝે જાફરે તૈયાર (અ.)'[2] શીખવી.[3]

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "અમે બનૂ અબ્દિલ મુત્તલિબ — હું, અલી, જાફર, હમ્ઝા, હસન, હુસૈન, ફાતેમા અને મહદી — જન્નતના સરદારો છીએ."[4]

આપ (અ.)ની શહાદત અને રસૂલલ્લાહ (સ.)નું દુઃખ:

હઝરત જાફરે તય્યાર (અ.) ગઝવએ મૂતામાં શહીદ થયા હતા. હબશથી આવ્યા પછી રસૂલલ્લાહ (સ.)એ હઝરત જાફર (અ.)ને જંગે મૂતા તરફ મોકલ્યા, જેમાં આપ (સ.)એ સૌથી પહેલાં લશ્કરના અલમદાર હઝરત જાફર (અ.)ને, પછી ઝૈદ ઈબ્ને હારિસા (રઝી.)ને, અને પછી અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા (રઝી.)[5]ને બનાવ્યા હતા.[6] આ બધાની સાથે રસૂલલ્લાહ (સ.)એ મુસલમાનોને 'મૂતા' નામની જગ્યા તરફ મોકલ્યા. આ જગ્યા પર મુસલમાનો અને રૂમના લશ્કર વચ્ચે જંગ થયો, જેમાં હઝરત જાફર (અ.)ની શહાદત થઈ.[7] જ્યારે આપ (સ.)ને હઝરત જાફર (અ.) અને હઝરત ઝૈદ ઈબ્ને હારિસા (રઝી.)ની શહાદતની ખબર મળી, ત્યારે આપ (સ.) ઘરમાં ગયા અને આ બન્ને પર ખૂબ જ રડ્યા, અને ફરમાવ્યું કે, "આ બન્ને મારી સાથે વાતો કરતા હતા અને મને સાંત્વના આપતા હતા. અને આ બન્ને જ ચાલ્યા ગયા."[8]

હઝરત મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને જાફરે તય્યાર (અ.)

ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

પરિચય:

આપ (અ.) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જાફરે તય્યાર (અ.)ના ફરઝંદ હતા. આપ (અ.)નાં વાલિદાનું નામ 'ખૌઝાઅ' હતું.[9]

1 મન લા યહ્ઝુરુહ અલ–ફકીહ, જિલ્દ–૪, સફહા–૨૮૩, હદીસ–૫૮૨૭; રૌઝા અલ–વાઈઝીન, સફહા–૨૬૯

2 એક ખૂબ જ પ્રખ્યાત અને ફઝીલતવાળી નમાઝ છે. આ નમાઝ વિષે વિગતે કિતાબ 'મફાતીહુલ જિનાન'માં જોવા મળશે.

3 અલ–મુસ્તદ્રક અલા અલ–સહીહૈન, જિલ્દ–૩, સફહા–૨૦૮; તહ્ઝીબ અલ–અહ્કામ, જિલ્દ–૩, સફહા–૧૮૬

4 કિતાબ સુલૈમ ઈબ્ને કૈસ અલ–હિલાલી, સફહા–૩૮૦

5 રસૂલલ્લાહ (સ.)ના સહાબી હતા અને આપ (સ.)એ તેમને ઉમ્મતે મોહંમદીના ૧૨ નકીબોમાં શામિલ કર્યા છે.

6 શર્હે નહ્જુલ બલાગા, ઈબ્ને અબિલ હદીદ, જિલ્દ–૧૦, સફહા–૨૪૯

7 બિહારુલ અન્વાર, જિલ્દ–૫૧, સફહા–૨૧

8 મન લા યહ્ઝુરુહ અલ–ફકીહ, જિલ્દ–૧, સફહા–૫૩

9 ઈઅ્સાર અલ–ઐન ફી અન્સાર અલ–હુસૈન (અ.), સફહા–૭૬

ઈમામ (અ.)થી મુલાકાત:

ઈમામ હુસૈન (અ.) મદીના છોડીને મક્કા રવાના થયા ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જાફર (અ.) મદીનામાં હતા, અને એ કોશિશ કરી રહ્યા હતા કે ઈમામ (અ.)ને કોઈ પણ રીતે કતલ થતાં બચાવી લે. આપ (અ.) ઈમામ (અ.)ના મક્કા છોડવા પર ખૂબ જ ચિંતાતુર હતા, એટલા માટે પોતાના બન્ને ફરઝંદો હઝરત મોહંમદ (અ.) અને હઝરત ઔન (અ.)ની સાથે એક પત્ર ઈમામ (અ.)ની તરફ રવાના કર્યો, જેમાં લખ્યું હતું કે, "હું આપને અલ્લાહનો વાસ્તો આપું છું કે જ્યારે પણ આપ મારો આ પત્ર વાંચો, તો તરત જ પાછા આવી જજો, કારણ કે મને ડર છે કે જે તરફ પણ આપ મોઢું કરશો, તે તરફ આપની અને આપના પરિવારની શહાદત સિવાય કંઈ નહીં હોય. જો આજે આપ શહીદ થઈ જશો, તો જમીનનું નૂર હોલવાઈ જશે, કારણ કે આપ હિદાયત મેળવનારાઓ માટે કેન્દ્ર છો, અને મોમિનોની આશા છો, માટે મુસાફરી કરવામાં જલ્દી ન કરતા. હું પોતે આ પત્રની પાછળ પાછળ આવી રહ્યો છું." પછી હઝરત અબ્દુલ્લાહ (અ.) મદીનાના ગવર્નર અમ્ર ઈબ્ને સઈદની પાસે ગયા અને તેનાથી ઈમામ (અ.)ને અમાન આપવાની માંગણી કરી, અને ઈમામ (અ.)ના પાછા આવી જવાની આશા અપાવી. પછી અમ્ર ઈબ્ને સઈદે ઈમામ (અ.)ની તરફ એક પત્ર લખ્યો કે જેમાં આપ (અ.)ને અમાન આપવાનો વાયદો કર્યો, અને તેને પોતાના ભાઈ યહ્યા ઈબ્ને સઈદની સાથે ઈમામ (અ.)ની તરફ મોકલ્યો. પછી યહ્યા અને અબ્દુલ્લાહ (અ.) બન્ને ઈમામ (અ.)ને મળ્યા અને પત્ર આપ્યો, અને તે બન્નેએ ઈમામ (અ.) ને પાછા આવી જવા માટે ખૂબ જ આગ્રહ કર્યો. પરંતુ ઈમામ (અ.)એ ફરમાવ્યું કે, "મેં સ્વપ્નમાં રસૂલલ્લાહ (સ.)ને જોયા છે, અને આપ (સ.)એ મને એક કાર્યનો હુકમ કર્યો છે, જેને હું અંજામ આપીને જ રહીશ." તે બન્નેએ પૂછ્યું કે, "તે સ્વપ્ન શું છે?" આપ (અ.)એ ફરમાવ્યું કે, "મેં એના વિષે કોઈને વાત કરી પણ નથી, અને જ્યાં સુધી મારા રબની મુલાકાત ન કરી લઉં ત્યાં સુધી કોઈને કરીશ પણ નહીં." જ્યારે હઝરત અબ્દુલ્લાહ (અ.) ઈમામ (અ.)ને પાછા લાવવાથી વિવશ થઈ ગયા, તો પોતાના બન્ને ફરઝંદો હઝરત ઔન (અ.) અને હઝરત મોહંમદ (અ.)ને હુકમ કર્યો કે તેઓ ઈમામ (અ.)ની સાથે રહે, આપ (અ.)ની સાથે જ મુસાફરી કરે, અને આપ (અ.)ની મદદમાં જિહાદ કરે. પછી યહ્યાની સાથે હઝરત અબ્દુલ્લાહ (અ.) મક્કા પરત ફર્યા.[1]

શહાદત:

હઝરત મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ (અ.) મેદાનમાં આવીને આ મુજબ રજઝ પઢી:

اَشْكُوْ اِلَى اللّٰهِ مِنَ الْعُدْوَانِ
وَاَظْهَرُوا الْكُفْرَ مَعَ الطُّغْيَانِ

(હું અલ્લાહની પાસે તેઓની દુશ્મનાવટની

1 અલ-ઈર્શાદ, જિલ્દ-૨, સફ્હા-૬૮; અઅલામ અલ-વરાઅ, જિલ્દ-૧, સફ્હા-૪૪૬

શિકાયત કરું છું, અને તેમણે સરકશીની સાથે કુફ્રને જાહેર કર્યું છે.)

પછી આપ (અ.)એ એવો જંગ કર્યો કે ૧૦ દુશ્મનોને કતલ કર્યા. પછી આપ (અ.)ને આમિર ઈબ્ને નહ્શલ અલ–તમીમીએ શહીદ કર્યા."[1]

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ એક ઝિયારતમાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى مُحَمَّدِ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ جَعْفَرٍ الشَّاهِدِ مَكَانَ اَبِيْهِ وَالثَّانِيْ لِاَخِيْهِ وَوَاقِيْهِ بِبَدَنِهٖ لَعَنَ اللّٰهُ قَاتِلَهٗ عَامِرَ بْنَ نَهْشَلٍ التَّمِيْمِيَّ

(સલામ થાય મોહંમદ ઈબ્ને અબ્દિલ્લાહ ઈબ્ને જાફર પર, જેઓ પોતાના વાલિદની જગ્યાએ (કરબલામાં) હાજર હતા, જેઓ પોતાના ભાઈની પૈરવી કરનારા હતા, અને પોતાના શરીરથી તેમની હિફાઝત કરનારા હતા. અલ્લાહ તેમના કાતિલ આમિર ઈબ્ને નહ્શલ અલ–તમીમી પર લાનત કરે.)

ઈમામ (અ.)થી મન્સૂબ આ ઝિયારતમાં હઝરત મોહંમદ ઈબ્ને અબ્દિલ્લાહ (અ.)નો પોતાના વાલિદ હઝરત અબ્દુલ્લાહ (સ.)ના બદલામાં કરબલામાં હાજર હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, સાથે સાથે હઝરત અબ્દુલ્લાહ (સ.)ને તેમના ભાઈની પૈરવી કરનારા અને પોતાના શરીરથી ઈમામ (અ.)ની હિફાઝત કરનારા તરીકે વર્ણવ્યા છે. એટલા જ માટે જ્યારે હઝરત અબ્દુલ્લાહ (અ.)ને પોતાના બન્ને ફરઝંદોની ઈમામ હુસૈન (અ.)ની સાથે શહાદતની જાણ થઈ, તો આપ (અ.)ના કેટલાક ગુલામો અને લોકો આપ (અ.)ને તાઝીયત આપવા માટે આવ્યા, તો આપ (અ.)ના અબૂ લિસલાસ નામના એક ગુલામે કહ્યું કે, "હુસૈન (અ.) તરફથી આ જ બદલો અમને મળવાનો હતો." તો હઝરત અબ્દુલ્લાહ (અ.)એ તેની સામે પોતાનું એક ચપ્પલ ફેંક્યું અને ફરમાવ્યું કે, "અય હરામખોર! શું તું હુસૈન (અ.) વિષે આવી વાત કરી રહ્યો છે? અલ્લાહની કસમ, જો હું આપ (અ.)ની પાસે હાજર હોત, તો હું એ વાતને પસંદ કરત કે આપ (અ.)થી ક્યારેય જુદો ન થાત અને કતલ થઈ જાત. મારા માટે આ મુસીબતને સહન કરાવનારી બાબત જ એ છે કે મારા બન્ને ફરઝંદોએ મારા ભાઈ અને મારા કાકાના દીકરાની મદદ કરતાં મુસીબતો ઉઠાવી છે, અને તેમની સાથે અડગ ઊભા રહ્યા છે. પછી બેઠેલા લોકોની તરફ જોઈને ફરમાવ્યું કે, "હુસૈન (અ.)ની શહાદત પર સબ્ર કરવી મારા માટે ઘણી કઠિન છે, પણ અલ્લાહની હમ્દ છે એ વાત પર કે મારા હાથ હુસૈન (અ.)ની મદદ ન કરી શક્યા, તો મારા બન્ને ફરઝંદોએ તો આપ (અ.)ની મદદ કરી."[2]

1 અલ–મનાકિબ (ઈબ્ને શહરઆશૂબ), જિલ્દ–૪, સફ્હા–૧૦૬; અલ–કુતૂહ, જિલ્દ–૫, સફ્હા–૧૧૧; મકતલુલ હુસૈન (ખ્વારિઝમી), જિલ્દ–૨, સફ્હા–૨૬

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફ્હા–૪૬૬; અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફ્હા–૧૨૪; અલ–કામિલ ફી અલ–તારીખ, જિલ્દ–૨, સફ્હા–૫૭૮

ઔન ઈબ્ને અબ્દિલ્લાહ (અ.)

હઝરત ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

આપ (અ.)નાં વાલિદાનું નામ હઝરત બીબી ઝૈનબ અકીલા બિન્તે અલી ઈબ્ને અબી તાલિબ (અ.) હતું.

હઝરત મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ (અ.) ના પછી હઝરત ઔન ઈબ્ને અબ્દુલ્લાહ (અ.) મેદાનમાં આવ્યા અને ફરમાવ્યું કે, "ભલે તમે મને નાપસંદ કરો, પરંતુ હું જાફરે તય્યાર (અ.)નો ફરઝંદ છું." પછી આપ (અ.)એ જંગ કર્યો અને શહીદ થઈ ગયા. આપ (અ.)ના કાતિલનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને કુત્બા હતું.[1]

1 મકતલ અલ–હુસૈન (ખ્વારિઝમી), જિલ્દ–૨, સફહા–૨૭; અલ–ફુતૂહ, જિલ્દ–૫, સફહા–૧૧૧

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ એક ઝિયારતમાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى عَوْنِ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ جَعْفَرٍ الطَّيَّارِ فِي الْجِنَانِ حَلِيْفِ الْاِيْمَانِ وَمُنَازِلِ الْاَقْرَانِ النَّاصِحِ لِلرَّحْمٰنِ التَّالِيْ لِلْمَثَانِيْ وَالْقُرْاٰنِ لَعَنَ اللّٰهُ قَاتِلَهٗ عَبْدَ اللّٰهِ بْنِ قُطْبَةَ النَّبْهَانِيِّ

(સલામ થાય ઔન ઈબ્ને અબ્દિલ્લાહ ઈબ્ને જાફર અત્તય્યાર ફિલ જિનાન પર, જેઓ ઈમાન પર હંમેશાં સાબિતકદમ રહેનારા, (જંગમાં) પોતાના પ્રતિદ્વંદ્વી સામે (બહાદુરીપૂર્વક) લડનારા, રહમાન પ્રત્યે મુખ્લિસ, મસાની અને કુરઆન પર અમલ કરનારા હતા. અલ્લાહ તેમના કાતિલ અબ્દુલ્લાહ ઈબ્ને કુત્બા અલ–નબ્હાની પર લાનત કરે.)



ZAHAB
JEWELLERS

હવે, ધોળકા અને હિંમતનગર શહેરમાં

ભવ્ય શો-રૂમ સાથે

જ્યાં ભરોસો, ભવ્યતા
અને શણગારની દુનિયા



100% BIS હોલમાર્ક | 100% પારદર્શક મેકિંગ

Zahab Jewellers

+91 99254 22977

દુકાન નંબર બી6-બી7-બી8 ગ્રાઉન્ડ ફ્લોર, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠ, ગુજરાત-383001

+91 95371 12977

ગ્રોઉન્ડ ફ્લોર, અમન કોમ્પ્લેક્સ, અમન પાર્ક પાસે, બાલાસ ચોકડી, ધોળકા-બાવળા હાઇવે, ધોળકા, ગુજરાત-382225

સ્થાપક: અકબરઅલી આઈ. ચારોલીયા (સેદ્રાણા) www.zahabjewellers.com

આપણા ઘરની વાતો

ઈન્નાલિલ્લાહે...



મોલીપુરનિવાસી **મર્હૂમા મો.મન્સૂરાફાતેમા ફતેહઅલી ચરાવાળા** મુ.તા. ૦૬, મોહર્રમ-૧૪૪૮ તા.૨૨/૦૬/૨૦૨૬ને સોમવારના રોજ ૩૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ શેખપુરનિવાસી **મર્હૂમ મો.અબ્બાસભાઈ સાવદીભાઈ મોમિન** મુ.તા. ૦૪, સફર-૧૪૪૮ તા.૧૯/૦૭/૨૦૨૬ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



ઈલોલ (તલાવ)નિવાસી **મર્હૂમા મો.શીરીનબેન તાહેરઅલી કોવડીયા** મુ.તા. ૦૧, રબી.આખર-૧૪૪૮ તા.૧૪/૦૯/૨૦૨૬ને સોમવારના રોજ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ જેઠીપુરાનિવાસી **મર્હૂમા મો.હુરીબેન વલીભાઈ માણુસીયા** મુ.તા. ૧૧, રબી.આખર-૧૪૪૮ તા.૨૪/૦૯/૨૦૨૬ને ગુરુવારના રોજ ૯૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



જેઠીપુરાનિવાસી **મર્હૂમ મો.રોશનઅલી અલીભાઈ વિજાપુરા** મુ.તા. ૦૨, જમા.અવ્વલ-૧૪૪૮ તા.૧૪/૧૦/૨૦૨૬ને બુધવારના રોજ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "તમે ન તો આપસમાં વેરઝેર રાખો, ન તો ઈર્ષા રાખો, ન તો વિમુખ થાઓ, કે ન તો સંબંધ કાપો, અને ભાઈચારાની હદ સુધી અલ્લાહના બંદા બની જાઓ." [1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાલિદલુસૈન, ભાગ–૨, સફહા–૧૧૪

Trusted Since
2014

MARVEL
JEWELLERS



દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે

વર્ષોનો વિશ્વાસ | 100% BIS હોલમાર્ક | 100% બાયબેકની ગેરંટી

મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ

મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429

સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530

છાપી
દુ.નં. 2, સાગર કોમ્પલેક્ષ, પીરોજપુરા રોડ, છાપી ડાઇવે-385210
+91 76988 29593

વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571

અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530

સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370

www.marveljewellers.com info@marveljewellers.com

જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૨૦૦૦/- મર્હૂમ અબ્બાસભાઈ સાવદીભાઈ મોમિન (શેખપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.

મર્હૂમા મો.મન્સૂરાફાતેમા ફતેહઅલી ચરાવાળા (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- મો.અબ્બાસઅલી હબીબભાઈ ચરાવાળા
રૂા.૨૦૦/- મો.રુકૈયાબેન અબ્બાસઅલી ચરાવાળા
રૂા.૨૦૦/- મો.ફતેહઅલી અબ્બાસઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.રઈસાફાતેમા ફતેહઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.મોહંમદતકી ફતેહઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી અબ્બાસઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.પરવીનફાતેમા આબિદઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.મોહંમદકાસિમ આબિદઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.ઝૈનબફાતેમા આબિદઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી અબ્બાસઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.શીરીનબાનું અકબરઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.તસ્કીનઝહરા અકબરઅલી ચરાવાળા
રૂા.૧૦૦/- મો.ઝહીનઅલી અકબરઅલી ચરાવાળા
રૂા.૨૦૦/- મો.સકીનાફાતેમા અકબરઅલી બળ્યા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન રસૂલભાઈ પનીયા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન યુસૂફભાઈ ચરાવાળા
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન હબીબભાઈ મસી
રૂા.૧૦૦/- મો.મહમૂદહુસૈન નશીરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.સાબિરઅલી નશીરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.ફિઝાબેન રોશનઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન શબ્બીરભાઈ દાસદીયા
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન ગુલામભાઈ ચરાવાળા
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન શબ્બીરભાઈ ચરાવાળા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન વઝીરભાઈ ચરાવાળા
રૂા.૧૦૦/- મો.મરયમબેન સાવદીભાઈ ચરાવાળા
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન અબ્બાસભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.ઝહરાબાનું અબ્બાસભાઈ મસી (કનાઈ)

મર્હૂમા મો.શીરીનબેન તાહેરઅલી કોવડીયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦૦/- મો.તાહેરઅલી જલાલભાઈ કોવડીયા
રૂા.૫૦૦/- મો.ફતેહમોહંમદ તાહેરઅલી કોવડીયા
રૂા.૫૦૦/- મો.સલમાફાતેમા ફતેહમોહંમદ કોવડીયા
રૂા.૩૦૦/- મો.ગુલામહુસૈન જલાલભાઈ કોવડીયા
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન ગુલામમોહંમદ કોવડીયા
રૂા.૩૦૦/- મો.નઝરઅલી ગુલામમોહંમદ કોવડીયા
રૂા.૨૦૦/- મો.હબીબાબેન નઝરઅલી કોવડીયા
રૂા.૩૦૦/- મો.એહસાનઅલી ગુલામમોહંમદ કોવડીયા
રૂા.૨૦૦/- મો.કનીઝફાતેમા એહસાનઅલી કોવડીયા
રૂા.૩૦૦/- મો.મોહંમદઅલી જલાલભાઈ કોવડીયા
રૂા.૨૦૦/- મો.સકીનાબેન મોહંમદઅલી કોવડીયા
રૂા.૨૦૦/- મો.જાફરઅલી મોહંમદઅલી કોવડીયા
રૂા.૨૦૦/- મો.નજમાબેન જાફરઅલી કોવડીયા
રૂા.૩૦૦/- મો.અલ્તાફહુસૈન મોહંમદઅલી કોવડીયા

રૂા.૨૦૦/- મો.રહમતફાતેમા અલ્તાફહુસૈન કોવડીયા
રૂા.૩૦૦/- મો.સુગરાબેન શબ્બીરઅલી ભટ્ટા
રૂા.૩૦૦/- મો.તાહેરાબેન અકબરઅલી મસી
રૂા.૫૦૦/- મો.સકીનાબેન નઝરમોહંમદ ગોદડ
રૂા.૫૦૦/- મો.શાકેરાબેન ફૈઝમોહંમદ થાવરા
રૂા.૫૦૦/- મો.તાહેરાફાતેમા અતામોહંમદ કોવડીયા
રૂા.૫૦૦/- મો.નજમાબેન નિયામતઅલી ખરોડીયા
રૂા.૫૦૦/- મો.ફાતેમાબેન ગુલામહુસૈન ખાણુશીયા
રૂા.૨૦૦/- મો.અનવરઅલી ગુલામભાઈ ખાણુશીયા
રૂા.૨૦૦/- મો.કાસિમઅલી દાવૂદભાઈ દાંત્રેલીયા
રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન અબ્બાસઅલી આગલોડીયા
રૂા.૨૦૦/- મો.આરેફાબેન ઈમ્દાદઅલી બલોસપુરા
રૂા.૨૦૦/- મો.સાજેદાબેન મિક્દાદઅલી રાજપુરા
રૂા.૨૦૦/- મો.ઈસ્મતફાતેમા જાફરઅલી મતીયા
રૂા.૨૦૦/- મો.નજીબાફાતેમા મોહંમદઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.રઈસાફાતેમા એહસાનઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.માસૂમાફાતેમા એહસાનઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.સખાવતઅલી નઝરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.મોહંમદરાશિદ જાફરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.અનીસહૈદર જાફરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.સફદરઅબ્બાસ નઝરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.સીરતફાતેમા આબિદઅલી ભટ્ટા
રૂા.૧૦૦/- મો.બશારતઝહરા મોહંમદઅલી ભટ્ટા

મર્હૂમા મો.હુરીબેન વલીભાઈ માણુસીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦૦/- હાજી ગુલામમોહંમદ વલીભાઈ માણુસીયા
રૂા.૨૦૦/- હાજીયાણી ઝૈનબબેન ગુલામમોહંમદ માણુસીયા
રૂા.૨૦૦/- મો.આબેદાબેન ગુલામમોહંમદ માણુસીયા
રૂા.૨૦૦/- મો.સુગરાબેન આબિદઅલી ખાણુસીયા (કિશોરગઢ)
રૂા.૨૦૦/- હાજી જાફરઅલી ગુલામમોહંમદ માણુસીયા
રૂા.૨૦૦/- હાજીયાણી સાજેદાબેન જાફરઅલી માણુસીયા
રૂા.૨૦૦/- મો.હસનઅબ્બાસ ગુલામમોહંમદ માણુસીયા
રૂા.૨૦૦/- મો.સાજેદાબેન હસનઅબ્બાસ માણુસીયા
રૂા.૨૦૦/- મો.ફૈઝમોહંમદ જાફરઅલી માણુસીયા
રૂા.૧૦૦/- મો.આમેનાફાતેમા હસનઅબ્બાસ માણુસીયા
રૂા.૨૦૦/- મો.સુગરાબેન વઝીરઅલી પરબડીયા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.શાકેરાબેન હસનઅલી પરબડીયા (સુરપુર)
રૂા.૫૦૦/- મો.નૂરઅલી વલીભાઈ માણુસીયા
રૂા.૨૦૦/- મો.સુગરાબેન નૂરઅલી માણુસીયા
રૂા.૨૦૦/- મો.નિસારફાતેમા એહસાનઅલી સુરપુરા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી નૂરઅલી માણુસીયા
રૂા.૨૦૦/- મો.શબ્બીરઅલી નૂરઅલી માણુસીયા
રૂા.૨૦૦/- મો.સાજેદાબેન મોહંમદઅલી માણુસીયા
રૂા.૨૦૦/- મો.ફાતેમાઝૈનબ શબ્બીરઅલી માણુસીયા
રૂા.૧૦૦/- મો.નુસરતફાતેમા શબ્બીરઅલી માણુસીયા
રૂા.૧૦૦/- મો.હકીમાફાતેમા મોહંમદઅલી માણુસીયા
રૂા.૧૦૦/- મો.અદીબાફાતેમા શબ્બીરઅલી માણુસીયા
રૂા.૧૦૦/- મો.સાદેકાઝહરા મોહંમદઅલી માણુસીયા
રૂા.૧૦૦/- મો.નરજીસફાતેમા શબ્બીરઅલી માણુસીયા
રૂા.૧૦૦/- મો.મોહંમદકાઝિમ મોહંમદઅલી માણુસીયા
રૂા.૨૦૦/- મો.મંઝૂરફાતેમા ઈકરામઅલી ખાણુસીયા (કિશોરગઢ)
રૂા.૨૦૦/- મો.હુસૈનાબેન હાસમભાઈ નૂરભાણેજ (હરીપુરા)
રૂા.૨૦૦/- મો.રસૂલબેન ઈબ્રાહીમભાઈ માણુસીયા (સુરપુર)
રૂા.૨૦૦/- મર્હૂમ ઝૈનબબેન દાવૂદભાઈ પટેલ (સુરપુર)

રૂા.૨૦૦/- મો.અકબરઅલી શરીફભાઈ માણુસીયા
રૂા.૨૦૦/- મો.અનવરઅલી શરીફભાઈ માણુસીયા
રૂા.૨૦૦/- મો.સકીનાબેન ગુલામમોહંમદ ભટ્ટટ
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન હસનઅલી સુરપુરા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન શબ્બીરઅલી ડોડીયા (કેશરપુરા)
રૂા.૨૦૦/- મો.અસ્માબેન મિક્દાદઅલી વિજાપુરા (કાટવાડ)
રૂા.૨૦૦/- મો.તાલિબઅલી કાસિમભાઈ માણુસીયા
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી કાસિમભાઈ માણુસીયા
રૂા.૨૦૦/- મો.ખાદિમઅલી કાસિમભાઈ માણુસીયા
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન મિક્દાદઅલી સુરપુરા (સુરપુર)
રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી નશીરભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૫૦૦/- મો.ગુલામમોહંમદ નશીરભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૫૦૦/- મો.વઝીરઅલી નશીરભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી નશીરભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૫૦૦/- મો.હૈદરઅલી નશીરભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૨૦૦/- મો.નૂરઅલી સાદિકભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૨૦૦/- મો.તાહેરઅલી સાદિકભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૨૦૦/- મો.અકબરઅલી સાદિકભાઈ નુરભાણેજ (હરીપુરા)
રૂા.૨૦૦/- મો.રહમતબેન અકબરઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન શરીફભાઈ રાજપુરા (કેશરપુરા)
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન ઈસ્માઈલભાઈ વિજાપુરા
રૂા.૨૦૦/- ડૉ.હૈદરઅલી અબ્દુલભાઈ ખાણુસીયા (હરીપુરા)
રૂા.૨૦૦/- મો.શાકેરાબેન હસનઅલી પરબડીયા (સુરપુર)

મર્હૂમા મો.રોશનઅલી અલીભાઈ વિજાપુરા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦૦/- મો.નઝરઅલી રોશનઅલી વિજાપુરા
રૂા.૧૦૦૦/- મો.એહસાનઅલી રોશનઅલી વિજાપુરા
રૂા.૧૦૦૦/- હાજી ગુલામઅબ્બાસ અલીભાઈ વિજાપુરા
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરહસન અલીભાઈ વિજાપુરા
રૂા.૫૦૦/- હાજીયાણી હુસૈનાબેન ગુલામઅબ્બાસ વિજાપુરા
રૂા.૫૦૦/- હાજીયાણી આબેદાબેન મોહંમદહુસૈન ભટ્ટટ
રૂા.૫૦૦/- મો.આરેફાબેન મોહંમદઅલી આગલોડીયા
રૂા.૫૦૦/- મો.ઝૈનબબેન ગુલામહુસૈન પટેલ (કિશોરગઢ)
રૂા.૧૦૦/- મો.રહમતબેન મોહંમદઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.મદીનાબેન મીસમઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.ઈનામએહમદ ગુલામહુસૈન ખરોડીયા
રૂા.૫૦૦/- મો.આબેદાબેન જાફરઅલી પરબડીયા
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી શરીફભાઈ વિજાપુરા
રૂા.૨૦૦/- મો.અકબરઅલી શરીફભાઈ વિજાપુરા
રૂા.૨૦૦/- મો.તાહેરઅલી શરીફભાઈ વિજાપુરા
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી ગુલામહુસૈન વિજાપુરા
રૂા.૨૦૦/- મો.મતલુબઅલી મીરાંજીભાઈ સુરપુરા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.અકબરઅલી મીરાંજીભાઈ સુરપુરા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.અનવરઅલી યૂસુફભાઈ પરબડીયા (સુરપુર)
રૂા.૨૦૦/- મો.આસિફઅલી યૂસુફભાઈ પરબડીયા (સુરપુર)
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન હસનઅબ્બાસ સુરપુરા (સુરપુર)
રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતેમા હૈદરઅબ્બાસ ખાણુશીયા

રૂા.૫૦૦/- મો.નુસરતફાતેમા ઈમદાદઅલી વિજાપુરા (જેઠીપુરા) તરફથી પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.) તથા અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.નુસરતફાતેમા ઈમદાદઅલી વિજાપુરા (જેઠીપુરા) તરફથી મર્હૂમ બાકરઅલી અબ્બાસભાઈ વિજાપુરાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- ફોર્ચ્યુના માર્ટ & ભાગ્યોદય ડેરી (મક્તબા સર્કલ) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

Hotel 365

હોટેલ અને રેસ્ટોરન્ટ માલિકો માટે બનાવેલ એક પાવરફુલ All-in-One સોફ્ટવેર છે

જે તમારી હોટેલની તમામ દૈનિક કામગીરીને ઝડપી, સરળ અને સંપૂર્ણ રીતે ઓટોમેટ કરે છે. Hotel Front Desk,Billing, Restaurant POS, Banquet, Inventory, Accounts અને Staff Management હવે બધું જ એક જ સિસ્ટમમાં, ઓછા ખર્ચે અને વધારે કંટ્રોલ સાથે.



Hotel Management System (PMS) **Restaurant POS** **Channel Manager**

Banquet Management System **Token System** **Website + Booking Engine**

ERP Suite : Attendance | Payroll | Purchase | Inventory | Income | Expenses

આ સોફ્ટવેરમાં પથિક ની એન્ટ્રી આપમેળે ભરાઈ જાય છે

- Cloud-Based & Secure
- Easy Check-In / Check-Out (Auto Guest Entry)
- Document Scan
- Mobile Friendly
- Budget Friendly



For Demo

Ahesanali Bhoraniya
+91 7359413187
ahesan@hotel365.io

Scan It

Hasanali Gathamaniya
+91 9724936478
hasan@hotel365.io